શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હા, ૮ વર્ષની જોગવાઇ કરી છે એટલે કોન્ટ્રાક્ટરે જ કરવું પડશે. એમણે સબ ડિવિઝનવાઇઝ જે વાત કરી છે એમાં જણાવું તો, મોડાસામાં તા.૦૧/૦૨/૨૦૨૧ થી તા.૩૧/૦૧/૨૦૨૨ સુધીમાં અને ૦૧/૦૨/૨૦૨૨થી ૦૧/૦૨/૨૦૨૩ સુધીમાં રિપેર કરવાનાં કામ હતાં એ ટોટલ રૂ. ૧૧.૭ કરોડ, ધનસુરામાં રૂ. ૨.૨૯ કરોડ, બાયડમાં રૂ. ૪.૫૩ કરોડ, મેઘરજમાં રૂ. ૨.૯૩ કરોડ, માલપુરમાં રૂ. ૬.૨૫ કરોડ અને ભિલોડામાં રૂ. ૬.૬૫ કરોડનાં કરવામાં આવ્યાં છે. સભ્યશ્રી ડિવિઝનવાઇઝ જે વાત કરી રહ્યા છે એમાં મારી પાસે લાંબુ લિસ્ટ છે. માનનીય સભ્યશ્રીને જોઇતું હશે અને આપ કહેશો તો ટેબલ ઉપર મૂકી દઇશું.

શ્રી સી.કે. રાઉલજી : માનનીય અધ્યક્ષશ્રી, અમરેલી જિલ્લાનો પ્રશ્ન છે. નોન–પ્લાન અને પ્લાનના રસ્તાના અનુસંધાને વર્ષોથી પૉલિસી છે એ પ્રમાણે ગ્રામ્ય વિસ્તારના પ્લાન અને નોન–પ્લાન રસ્તા ૩.૭૫ના બનાવેલ છે. આજે વધતી વસતિને ધ્યાનમાં લઇ ૩.૭૫ની જગ્યા ૫.૫૦ ગ્રામ્ય વિસ્તારના રસ્તા કરવા જોઇએ. કારણ કે ૩.૭૫ના રસ્તા કરવાથી ચોમાસામાં બંને સાઇડ ગાંડા બાવળ ઉગી જાય છે એટલે સામેથી કોઇ વ્હીકલ કે મોટર સાઇકલ આવતી હોય તોપણ ઘણી મુશ્કેલી પડે છે તો ગ્રામ્ય વિસ્તારમાં ૩.૭૫ની જગ્યાએ ૫.૫૦ની રસ્તાની પૉલિસી બનાવવામાં આવે એવી મારી વિનંતી છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય સભ્યશ્રીનું સૂચન છે. પરંતુ આપણે ૩.૭૫થી ૫.૫૦, પથી ૭.૫૦, ૧૦, ફોરલેન, સિક્સ લેન અને એઇટ લેન રસ્તાઓ બનાવતા હોઈએ છીએ. આપણે જે રોડ બનાવતા હોઇએ છીએ એમાં કેટલાક નોર્મ્સ હોય છે. જેમાં એ રોડ ઉપર ટ્રાફિકનો ઘસારો કેટલો છે અને વ્હીકલની ઓક્યુપન્સી કેટલી છે એ ધ્યાનમાં રાખવામાં આવે છે. એના સિવાય બે-ત્રણ પેરામીટર્સ છે એ ફૂલફીલ થતા હોય તો આપણે એ પ્રકારના રસ્તા બનાવતા હોઇએ છીએ. હવે આપણી ભારતીય જનતા પાર્ટીએ જે વાત કરી છે અને એ પ્રમાણે નોન-પ્લાન રસ્તા આપવાની શરૂઆત કરી છે, એના કારણે અમુક રસ્તાઓ જે ૩.૭૫ના હોય છે એમાં ટ્રાફિક વધી જતો હોય તો ચોક્કસ પહોળા કરીએ છીએ. પરંતુ એક ગામથી બીજા ગામ જવા માટે ૨-૩ રસ્તા મળતા થયા છે. ઘણી વખત તો ખેતરમાં જવા માટે આ રસ્તો હોય એવું લાગે. ટ્રાફિક ખૂબ ઓછો હોય. એના માટે આપણે ૩.૭૫ જ રાખીએ છીએ. ટ્રાફિક વધતાં એ રસ્તા મોટા કરવા, પહોળા કરવા અને સ્ટ્રેન્થન કરવાની કામગીરી આપણે કરીએ છીએ.

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, સરકાર સૌની હોય, પાર્ટી જે મેમ્બર બન્યા હોય એમની જ હોય.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, સાબરકાંઠા જિલ્લામાં અને અરવલ્લી જિલ્લામાં હાઇસ્પીડ કોરિડોર વિશે વિચારણા કરવામાં આવી હતી. અમદાવાદ-દહેગામ-હરસોલી-ગાંભોઇ-વિજયનગર થઇને નેશનલ હાઇવેની અવેજીમાં નવા કોરીડોરની કામગીરી અંગે સરકારશ્રીએ ગયા વર્ષમાં વિચારણા કરી છે એ હાલ કયા તબક્કે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ગરવી ગુજરાત હાઇસ્પીડ કોરિડોર અંતર્ગત રાજ્યમાં ૧,૦૩૨.૮૨ કિલોમીટરના ૧૨ કોરિડોર રૂ.૭,૨૪૬.૭૮ કરોડના ખર્ચે વિકસાવવાની મંજૂરી આપી છે. હવે આમાં પહેલાં પણ કહ્યું હતું એ પ્રમાણે ૧૬ જિલ્લાઓને આ કોરિડોરનો લાભ મળશે. આમાં ૪ આદિજાતિ જિલ્લાઓનો પણ સમાવેશ થાય છે. હાઇસ્પીડ કોરિડોર સંદર્ભે અરવલ્લી જિલ્લામાં કુલ ૩ રસ્તાઓનો સમાવેશ થાય છે. બાયડ-સાઠંબા-ઘોળીડુંગરી ૧૮.૨૫૦ કિલોમીટર, દહેગામ-બાયડ રોડ ૨૫ કિલોમીટર, ગાંભોઇ-બામણવા-વાંકાનેર રોડ ૯.૬૫ કિલોમીટર. ભીલોડા-ચીઠોડા-વિજયનગર રોડની ૫૨.૯૦ કિલોમીટરની લંબાઇ થાય છે. એની મંજૂરીની રકમ રૂ. ૩૦૩.૧૪ કરોડ થાય છે. એમાં ૭ મીટરમાંથી ૧૦ મીટર કરવાનું, ૧૦ મીટરમાંથી ફોરલેન કરવાનું અને વ્હીકલ અન્ડરપાસ બધા રસ્તાઓની આ જોગવાઇઓ અનુસાર કામગીરી આપણે કરી રહ્યા છીએ.

શ્રી ગુલાબસિંહ સો. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, મારા લુણાવાડા તાલુકાના પાલીવાવથી પાલ્લા નવાગામનો સ્ટેટનો રસ્તો છે તે વર્ષ ૨૦૦૯માં બન્યો છે. વાઇડનિંગ સાથેની એની માગણી કરેલ છે. આજસુધી એની કોઇ મંજૂરી આપવામાં આવી નથી. તો કયા કારણોસર હજું સુધી આની મંજૂરી આપવામાં આવી નથી એ જણાવશે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એમણે જો માગણી કરી હશે તો મુખ્યમંત્રીશ્રી કક્ષાએ, આર.એન્ડ બી. વિભાગમાં વિચારણા અર્થે હશે. નોર્મ્સ પ્રમાણે કરવાનું હશે તો થશે.

શ્રી ધવલસિંહ ન. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો માનનીય મુખ્યમંત્રીશ્રીએ તો ક્યારેય રસ્તા માટે સહી કરવાની ના પાડી નથી અને કરોડો રૂપિયાના રસ્તા સાહેબના આવ્યા પછી છેલ્લાં ત્રણ વર્ષમાં મંજૂર થયા છે. એમનો હું દિલથી આભાર માનું છું. જવાબદારીની વાત કરી એમાં ૫ વર્ષની ગેરંટીના આપણે ૮ વર્ષ કરીએ છીએ. એમણે જવાબદારી કહી. હું પૂછવા માગું છું કે એની ગેરંટી નક્કી કરીએ છીએ કે જવાબદારી નક્કી કરીએ છીએ? ઘણી વખત એવું થાય કે ખાડો હોય અને પૂરવાનું કહીએ તો એ થીગડાં મારી આપે, થીગડાં માર્યા પછી એવું લાગે કે આના કરતાં તો ખાડો સારો હતો. હું વિનંતી કરું છું કે ૮ વર્ષની એવી કમ્પલ્સરી ગેરંટી અને ડિપોઝિટ રાખીએ કે જેથી કરીને આપણે એ રસ્તાઓ પાછળ બીજો વધારાનો ખર્ચ ન થાય. માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા વારંવાર અમને વધારે ગ્રાન્ટની ફાળવણી થાય તો વિસ્તારનો વિકાસ પણ થાય એવું સૂચન પણ છે.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, પહેલાં જે રોડ કહ્યા એ ૪ વર્ષ સુધી એને મેઇન્ટેઇન કરવાની જવાબદારી કોન્ટ્રાકટરની હતી. હવે ૮ વર્ષની કરીએ છીએ. એમના કહ્યા પ્રમાણે કામ થયું ન હોય તો આખા કોન્ટ્રાક્ટની રકમ હોય છે એમાં એ રકમનો અમુક હિસ્સો બાકી રાખતા હોઇએ છીએ. એ ૮ વર્ષની લાયાબિલિટી પત્યા પછી જ આ રકમ રિલીઝ કરતા હોઇએ છીએ.

શ્રી હાર્દિક ભ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ૮ વર્ષથી વધુ સમયથી જે રસ્તા રિસરફેસ ના થયા હોય એ રસ્તાઓ માટે સી.એમ.ઓફિસ તરફથી એવી સૂચના હતી કે જે તે ધારાસભ્યશ્રીના સંકલનમાં રહીને એ રસ્તાઓનું લિસ્ટ મંગાવવું. ગઇકાલે અમે અને ઘણા બધા ધારાસભ્યશ્રીઓ સી.એમ.ઓફિસમાં અધિકારીને મળવા ગયા તો એવું કહ્યું કે, ભાઇ, તમામ ધારાસભ્યશ્રીઓ પાસેથી લિસ્ટ મંગાવ્યા છે પણ સબંધિત અધિકારીએ એક પણ ધારાસભ્યશ્રીને જાણ કર્યા વગર રસ્તાઓ જે તે અધિકારી પાસેથી ૮ વર્ષની સમયમર્યાદાના મંગાવી લેતા હોય છે. આપના માધ્યમથી મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગુ છું કે જે તે વિસ્તારના ધારાસભ્યશ્રીને ધ્યાનમાં રાખીને ૭ વર્ષ, ૮ વર્ષ કે ૯ વર્ષથી રસ્તા રિસરફેસ ના થયા હોય તો એ રસ્તાનું લિસ્ટ મંગાવવામાં આવે જેથી કરીને જરૂરિયાતવાળા રસ્તાઓનું પહેલા રિસરફેસિંગ થાય.

તારાંકિત પ્રશ્નો

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, સામાન્ય રીતે પ્લાન રસ્તાઓ છે એ આપણા નિયમ પ્રમાણે અથવા તો આપણી કાર્ય પદ્ધતિ પ્રમાણે ૭ વર્ષે એનું રિવ્યુ કરીને એને રિસરફેસ કરતાં હોઈએ છીએ. નોન–પ્લાન રસ્તાઓ છે એમાં ૧૦ વર્ષ છે. છતાં પણ એવું નથી કે આપણે આને જડપણે વળગી રહીએ છીએ. જ્યાં જરૂરિયાત હોય ત્યાં આગળ એનું રિસરફેસિંગનું કામ રોડની હયાત પરિસ્થિતિ, હયાત સપાટીને અનુલક્ષીને કરતા જ હોઈએ છીએ.

ખેડા જિલ્લામાં જાહેર હેતુ માટે જમીન ફાળવણી

2502/8/15 *શ્રી યોગેન્દ્રસિંહ પરમાર) ઠાસરા **: (માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ખેડા જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો ૧૯૭૨ના વહીવટી હુકમ–૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૯૬)છન્નું (
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૫૭)સત્તાવન (
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	૫૭)સત્તાવન (કિસ્સામાં ૧૬૯૯૨૬.૪૪ ચો.મી .જમીન ફાળવવામાં આવેલ છે

શ્રી યોગેન્દ્રસિંહ પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, ખેડા જિલ્લામાં છેલ્લાં બે વર્ષમાં જાહેર હેતુ માટે કુલ કેટલી જમીન ફાળવવામાં આવી? તે પૈકી કયા વિભાગને કેટલી જમીન ફાળવવામાં આવી? મારો બીજો પ્રશ્ન એ છે કે, ઠાસરા વિધાનસભામાં જી.આઇ.ડી.સી. મંજૂર થઈ છે તો જી.આઇ.ડી.સી. માટે જમીન ક્યારે ફાળવશો?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, છેલ્લાં બે વર્ષમાં ખેડા જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમ ૧૯૭૨ના વહીવટી હુકમ–૩ હેઠળ જાહેર હેતુ માટે સરકારના વિભાગોને કુલ ક્ષેત્રફળ ૧,૬૯,૯૨૬.૪૪ ચો.મી. સરકારી જમીન ફાળવવામાં આવી છે. જે પૈકી વન અને પર્યાવરણ વિભાગને ૭૨,૫૦૦ ચો.મી., શિક્ષણ વિભાગને ૪૯,૨૯૨ ચો.મી., કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગને ૭૩૨૧.૪૨ ચો.મી., આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગને ૨૩,૫૦૦ ચો.મી., કાયદા વિભાગને ૬,૮૦૦ ચો.મી., મહેસૂલ વિભાગને ૯,૨૩૧ ચો.મી. તથા મહિલા અને બાળ વિકાસ વિભાગને ૧,૨૮૨ ચો.મી. જમીન ફાળવેલ છે.

શ્રી કલ્પેશભાઇ આ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મહેસૂલ નિયમો–૧૯૭૨ના વહીવટી હુકમ–૩ હેઠળ સરકારના વિભાગને જાહેર હેતુ માટે ફાળવેલ જમીનમાં અરજદાર સંસ્થાના નામ કયા હક્કમાં રાખવામાં આવે છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, ગુજરાત મહેસૂલ નિયમો ૧૯૭૨ના વહીવટી હુકમ–૩ હેઠળ સરકારના વિભાગને જાહેર હેતુ માટે ફાળવેલ જમીનમાં પ્રથમ હક્કમાં સરકારશ્રીનું નામ હોય છે. જ્યારે અરજદાર વિભાગનું નામ બીજા હક્કમાં રાખવામાં આવે છે.

મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકામાં પીવાના પાણીની મુશ્કેલી નિવારવાની યોજના

***15/8/2817 શ્રી ભગવાનજીભાઇ લાખાભાઇ કરગટીયા (માંગરોળ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મોરબી જીલ્લાના વાંકાનેર તાલુકાના ગામોમાં પીવાના પાણીની મુશ્કેલી નિવારવા માટે કોઇ યોજનાનું અમલીકરણ હાથ ધરવામાં આવેલ છે કે કેમ, અને	(૧)	હા, જી.
(૨)	જો હા તો, આ જુથ યોજના ક્યારે શરૂ કરવામાં આવેલ છે?	(૨)	તા.૨૮/૦૨/૨૦૨૪

શ્રી ભગવાનજીભાઇ લા. કરગટિયા : માનનીય અધ્યક્ષશ્રી, આમ તો જવાબ મને મળી ગયો છે. પરંતુ મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકામાં જૂથ સુધારણા યોજના મંજૂર થઇ છે એ કેટલી રકમની છે? અને એના સ્ત્રોત શું છે? અને આ કામ અત્યારે ચાલુ છે કે પૂર્ણ થઇ ગયું છે?

શ્રી ઇશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મોરબી જિલ્લાના વાંકાનેર તાલુકાની વાંકાનેર જૂથ સુધારણા પાણી પુરવઠાની અંદાજીત રકમ રૂ.૩૮.૪૯ કરોડ છે. યોજનાનો સ્ત્રોત નર્મદા આધારિત બલ્ક પાઇપલાઇન દ્વારા છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી દેવાભાઇ પું. માલમ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે મોરબી જિલ્લાના વાંકાનેર ગૃપ સુધારણા જૂથ પાણી પુરવઠા યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરવામાં આવેલ છે? અને હાલમાં આ ગામો ક્યાંથી પાણી મેળવે છે?

શ્રી ઈશ્વરસિંહ ઠા. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આ યોજનામાં ૯૭ ગામોનો સમાવેશ કરવામાં આવેલો છે અને હાલમાં આ ગામો હયાત જૂથ યોજનામાંથી અને પોતાના સ્થાનિક સોર્સમાંથી પાણી પુરવઠો મેળવે છે.

સાબરકાંઠા જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

2834/8/15*શ્રી રાજેન્દ્રકુમાર દાનેશ્વર ચાવડા) કડી(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૧૯
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી,અને	(૨)	૯
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	૯ કિસ્સામાં ૪૯૫૭.૨૪ ચો.મી . જમીનની ફાળવણી કરવામાં આવી.

શ્રી રાજેન્દ્રકુમાર ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા માટે તાલુકાવાર આરોગ્ય કેન્દ્ર માટે કેટલી અરજીઓ મળી?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન ફાળવવા માટે વિજયનગર તાલુકામાં કુલ–૪ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, ઈડર તાલુકામાં કુલ–૫ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, હિંમતનગર તાલુકામાં કુલ–૨ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, વડાલી તાલુકામાં કુલ–૪ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, તાલોદ તાલુકામાં કુલ–૪ અરજીઓ મંજૂર કરવામાં આવેલ છે, ખેડબ્રહ્મા તાલુકામાં ૧ અરજી મંજૂર કરવામાં આવેલ છે. આમ, સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામૂહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન ફાળવવા માટે કુલ–૧૯ અરજીઓ મળી છે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી હું જાણવા માગું છું કે, જે સી.એચ.સી., પી.એચ.સી. અથવા તો પેટા આરોગ્ય કેન્દ્રો માટે જે વિસ્તારમાં સરકારી જમીન ઉપલબ્ધ નથી તે વિસ્તારમાં કોઇ સોસાયટી વૈકલ્પિક જમીન આપે અથવા તો ગ્રામ પંચાયત તેની પોતાની જમીન આપે તો આવી જગ્યાએ જમીન ફાળવવામાં આવે છે કે કેમ?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, સાબરકાંઠા જિલ્લામાં તાલુકાવાર વિગત જોતાં વિજયનગર તાલુકામાં....

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, તેમણે એટલો પ્રશ્ન પૂછ્યો છે કે કોઇ પ્રાઇવેટ વ્યકિત કે કોઇ સોસાયટી જો આ પી.એચ.સી., સી.એચ.સી. કે પેટા આરોગ્ય કેન્દ્ર માટે જમીન આપવા માગે તો આપી શકે કે કેમ? ફરી આપ પૂછી લો એટલે એમને અનુકૂળતા રહે.

શ્રી વિનેન્દ્રસિંહ દિ. ઝાલા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, જે જગ્યાએ કેન્દ્ર મંજૂર થયું હોય અને ત્યાં માનો કે સરકારી જમીન ઉપલબ્ધ ના હોય તો કોઇ પ્રાઇવેટ વ્યકિત, કોઇ સોસાયટી અથવા તો ગ્રામ પંચાયત બીજી કોઇ જમીન આપીને ત્યાં આવા કેન્દ્રો બનાવવા માગતી હોય તો બનાવી શકે છે કે કેમ?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, આ આરોગ્ય વિભાગને લગત પ્રશ્ન છે એટલે જવાબ...

અધ્યક્ષશ્રી : માનનીય મંત્રીશ્રી, આમાં જવાબ ફરી એક વખત તૈયાર કરીને ટેબલ ઉપર મૂકાય તે સુનિશ્ચિત કરજો.

અરવલ્લી જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

***15/3817/8 શ્રી સુખાજી સોમાજી ઠાકોર**)બેચરાજી(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી	(૧)	કુલ ૧૬,૦૪૦)સોળ હજાર ચાલીસ(

	જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,		
(૨)	તે પૈકી મહીલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૪,૮૧૧)ચાર હજાર આઠસો અગિયાર(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	કુલ ૩.૩,૮૧,૯૧,૩૮૦) –/અંકે રૂપિયા ત્રણ કરોડ એક્યાસી લાખ એકાણું હજાર ત્રણસો એસી પૂરા(

શ્રી સુખાજી સો. ઠાકોર : માનનીય અધ્યક્ષશ્રી, મેં ત્રણ પ્રશ્નો પૂછ્યા હતા તેનો જવાબ મને મળી ગયો છે પણ મારો એક પૂરક પ્રશ્ન છે કે, તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહિલાઓના નામે અરવલ્લી જિલ્લામાં કઇ કચેરીમાં સૌથી વધુ દસ્તાવેજોની નોંધણી થયેલ છે અને કઇ કચેરીમાં સૌથી ઓછા દસ્તાવેજોની નોંધણી થયેલ છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહિલાઓના નામે અરવલ્લી જિલ્લામાં સબ રજિસ્ટ્રાર કચેરી, મોડાસામાં સૌથી વધુ કુલ–૨૪૫૩ દસ્તાવેજોની નોંધણી થયેલ છે તથા તા. ૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં મહિલાઓના નામે અરવલ્લી જિલ્લામાં સબ રજિસ્ટ્રાર કચેરી માલપુરમાં સૌથી ઓછાં કુલ–૧૩૭ દસ્તાવેજોની નોંધણી થયેલ છે.

આણંદ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

***15/8/2512 શ્રી વિપુલકુમાર વિનુભાઈ પટેલ**)સોજિત્રા:(**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ (**જણાવવા કૃપા કરશે કે:-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૪૧૪૬
(૨)	ઉક્ત સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી?	(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ ૨૫૭૪ અરજીઓ મંજુર કરેલ છે . જેની વિગતો નીચે મુજબ છે.

ક્રમ	તાલુકાનું નામ	મંજુર કરેલ અરજીઓ
૧	આણંદ)શહેર(	૧૩૮
૨	આણંદ)ગ્રામ્ય(	૧૦૪૫
૩	ઉમરેઠ	૧૭૧
૪	બોરસદ	૨૪૧
૫	આંકલાવ	૩૨૮
૬	પેટલાદ	૨૩૩
૭	સોજીત્રા	૫૩
૮	ખંભાત	૧૬૭
૯	તારાપુર	૧૯૮
	કુલ	**૨૫૭૪**

શ્રી વિપુલકુમાર વિ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, આણંદ જિલ્લાની અંદર તા.૩૧–૧૨–૨૦૨૫ની સ્થિતિએ બિનખેતીની કેટલી અરજી મળેલ છે અને તેમાં તાલુકાવાર કેટલી અરજીઓ મંજૂર થયેલી છે ?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, આર.ટી.એલ.ઓ.સી. એ ખેતીની જમીનને બિનખેતી એન.એ.માં રૂપાંતર કરવા માટે અથવા નવી શરતની જમીન પ્રિમિયમ ભરી બિનખેતી કરવા માટેની પાત્રતા નક્કી કરવા માટે આપવામાં આવતું પ્રમાણપત્ર છે. તે રેકર્ડ ઉપરના કાયદેસરના કબજેદાર હોવાનું પ્રમાણિત કરે છે જેથી બિનખેતીની પ્રક્રિયા ઝડપી અને સરળ બને છે.

શ્રી યોગેશભાઇ ના. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જ્યારે ગુજરાતના માનનીય મુખ્યમંત્રીશ્રી મહેસૂલી કાયદાને પારદર્શક અને સરળ બનાવી રહ્યા છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, મહેસૂલી ટાઇટલ અને કાયદેસર કબજેદાર પ્રમાણપત્ર એટલે શું અને તે શા માટે જરૂરી છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, યશસ્વી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદી સાહેબના વિકસિત ભારત અને મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઇ પટેલ સાહેબના વિકસિત ગુજરાતના સંકલ્પને સાકાર કરવા માટે અમારી સરકાર કટિબદ્ધ છે. આજે મહેસૂલી ટાઇટલ કાયદેસર કબજેદાર પ્રમાણપત્ર આર.ટી.એલ.ઓ.સી. એટલે શું? એ ખેતી જમીનને બિનખેતીમાં રૂપાંતર કરવા માટે અથવા નવી શરતની જમીનોનું પ્રિમિયમ ભરી બિનખેતીની પાત્રતા નક્કી કરવામાં આવે છે.

તારાંકિત પ્રશ્નો

શ્રી ભગાભાઇ ઘા. બારડ : માનનીય અધ્યક્ષશ્રી, આપના મારફત માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે જે જૂની નોંધો જે પડેલી હોય છે એ જૂની નોંધો હક્ક ચોકસીની હોય છે, વહેંચણીની હોય છે આવી જૂની નોંધોની અંદર સ્ટેમ્પ ડ્યૂટી મૂલ્યાંકન કરવામાં આવે છે અને ફરી વખત દસ્તાવેજ કરી જયારે નોંધ પાડવા જાય છે ત્યારે સ્ટેમ્પ ડ્યૂટી જો ઓછી જણાય તો ચાર ગણો દંડ એની પાસેથી વસૂલવામાં આવે છે. તો ઘણી વખત આવા નાના માણસો અને ગરીબ ખેડૂતો પણ એની અંદર સંકળાયેલા હોય છે, તો મારી સરકારશ્રીને વિનંતી એટલી જ છે કે દંડની રકમ આપણે ઓછી કરવા માગીએ છીએ કે કેમ? કારણ કે હાઉસિંગ સોસાયટીમાં આપણે ઘણી બધી દંડની રકમ ઓછી કરી છે, તો આ બાબતમાં પણ દંડની રકમ ઓછી કરવા માગીએ છીએ કે કેમ એટલી મારી વિનંતી છે.

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, સભ્યશ્રીનું સૂચન છે.

શ્રી વિનોદભાઇ અ. મોરડિયા : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના દ્વારા માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે, નર્મદા નિગમ માટે એક ખેડૂતની જમીન સંપાદન થઇ હોય અને સંપાદન કર્યા પછી ખ્યાલ આવે કે આ ભૂલથી સંપાદન થઇ છે, ત્યાં કેનાલ નીકળતી નથી, કેનાલ બીજેથી પસાર થઇ ગઇ અને જમીન સંપાદનના પૈસા ખેડૂતે પાછા બેંકમાં જમા કરાવી દીધા છે અને હાલ છેલ્લાં ૨૦ વર્ષથી જમીનનો કબજો ખેડૂત પાસે છે તો આવી જમીન ખેડૂતને પાછી મળે કે કેમ?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, આ પ્રશ્ન સ્કોપ બહારનો છે અને સભ્યશ્રીનું સૂચન છે.

અધ્યક્ષશ્રી : આ નીતિ વિષયક નિર્ણય છે એટલે માનનીય મંત્રીશ્રી સમજી વિચારીને જવાબ આપી શકે.

શ્રી ચિરાગકુમાર અ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને પૂછવા માગું છું કે આ આર.ટી.એલ.ઓ.સી. મેળવવા માટે અરજી કયાં અને કેવી રીતે કરી શકાય?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, અરજદારે આર.ટી.એલ.ઓ.સી. મેળવવા માટે iORA.gujarat.gov.in પોર્ટલ પર ઓનલાઇન અરજી કરવાની રહેશે, અરજી સાથે નિયત નમૂના સહ ઘોષણાપત્રક સેલ્ફ ડેકલેરેશનની સહી અથવા અંગૂઠાના નિશાન સાથે અપલોડ કરવાનું ફરજિયાત છે. જો જમીનમાં એક થી વધુ ખાતેદાર હોય તો તમામ સહ ખાતેદારોની સહી જરૂરી છે.

રાજ્યની સબ રજીસ્ટ્રાર કચેરીઓને મોડેલ કચેરી બનાવવા

*** 15/2497/8 શ્રી અમુલ ભટ્ટ**)મણીનગર(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫માં રાજ્યની કેટલી સબ રજીસ્ટ્રાર કચેરીઓને મોડેલ કચેરી બનાવવાની મંજૂરી આપવામાં આવેલ હતી,	(૧)	૦૭
(૨)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ તે પૈકી કેટલી કચેરીઓ મોડેલ કચેરીઓ તરીકે કાર્યરત થયેલ છે, અને	(૨)	૦૬
(૩)	નાણાકીય વર્ષ ૨૦૨૫–૨૬માં કેટલી સબ રજીસ્ટ્રાર કચેરીઓને મોડેલ કચેરી બનાવવામાં આવનાર છે?	(૩)	૧૧

શ્રી અમૂલ ભટ્ટ : માનનીય અધ્યક્ષશ્રી, મને જવાબ મળ્યો છે પરંતુ મારો પ્રશ્ન છે કે જે ૭ સબ રજિસ્ટ્રાર કચેરીઓ મંજૂર કરી હતી એમાંથી સન ૨૦૨૫ની સ્થિતિએ ૬ કચેરીઓ કાર્યરત છે તો ૧ કચેરીની અત્યારે હાલ શું પરિસ્થિતિ છે? સન ૨૦૨૫–૨૬માં ૧૧ સબ રજિસ્ટ્રાર કચેરીઓ મંજૂર થઇ છે તો તેનું હાલનું સ્ટેટસ શું છે?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી, નાણાકીય વર્ષ ૨૦૨૪–૨૫માં રાજયની કુલ સાત સબ રજિસ્ટ્રાર કચેરીઓને મોડેલ કચેરીઓ બનાવવાની મંજૂરી આપવામાં આવેલ છે તેમાં સાણંદ, લોધિકા, અમદાવાદ, દેત્રોજ, રાજકોટ ઝોન–૩–૪ અને પ મોરબી, રાધનપુર, રાજકોટ–૬, રાજકોટ–૭ અને ઉમરગામ તથા અંકલેશ્વરનો સમાવેશ થાય છે.

શ્રી ફતેસિંહ વ. ચૌહાણ : માનનીય અધ્યક્ષશ્રી, સબ રજિસ્ટ્રારમાં કર્મચારીઓની ઘટ છે તો વહેલી તકે પૂરવા માગો છો કે કેમ?

શ્રી સંજયસિંહ વિ. મહિડા : માનનીય અધ્યક્ષશ્રી,સૂચન છે.

પાટણ અને મહેસાણા જિલ્લામાં ગૌચર જમીનની ફાળવણી બાબત

***15/8/3766 શ્રી દિનેશભાઇ આતાજી ઠાકોર** (ચાણસ્મા)**: માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ

તારાંકિત પ્રશ્નો

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ અને મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ગૌચરની કેટલી જમીન કયા હેતુસર ફાળવવામાં આવી,	(૧) અને (૨)	પત્રક ૧ તથા પત્રક ૨ સામેલ રાખેલ છે . વિશાળ જાહેર હિતને ધ્યાને રાખી ગૌચરનીતિ મુજબ જાહેર હિતના કામોમાં ગૌચરની જમીન ફાળવવી અનિવાર્ય હોય, ગૌચરનીતિ મુજબ ગૌચરની જમીનની ફાળવણી કરવામાં આવેલ છે .તેમજ ગૌચરની જમીનની સામે તેટલી જ સરકારી પડતર જમીન ગૌચર તરીકે નીમ કરવામાં આવેલ છે .જેથી ગૌચર તરીકે નીમ કરવામાં આવેલ છે .જેથી ગૌચરમાં ઘટ થવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૨)	કયા કિસ્સામાં ગામમાં પ્રસ્થાપિત ઘોરણ કરતા ઓછું ગૌચર હોવા છતા ગૌચર જમીનની ફાળવણી કરવામાં આવી અને તેના કારણો શા છે,		
(૩)	લઘુત્તમ ગૌચરથી ઓછું હોવા છતાં ગૌચરની ફાળવણી કરનાર જવાબદારો સામે ઉક્ત સ્થિતિએ શા પગલાં લેવામાં આવ્યા, અને	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૪)	ગૌચરની ફાળવણી માટે જે–તે ગામને કેટલી વૈકલ્પિક જમીનની ફાળવણી કરવામાં આવી?	(૪)	ફાળવેલ ગૌચરની જમીનની સામે તે ગામની જમીન અથવા નજીકના ગામની સરકારી પડતરમાંથી તેટલી જ જમીન વૈકલ્પિક ગૌચર તરીકે નીમ કરવામાં આવે છે. જેથી ગૌચરમાં ઘટાડો થતો નથી.

પત્રક –૧

તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર પાટણ જિલ્લામાં તાલુકાવાર ગૌચરની કેટલી જમીન કયા હેતુસર ફાળવવામાં આવી,

ક્રમ	વર્ષ	તાલુકો	ફાળવેલ જમીનનુ ક્ષેત્રફળ)ચો.મી(.	ફાળવણીનો હેતુ	બદલાના ઘોરણે ગૌચર નીમ જમીનનુ ક્ષેત્રફળ)ચો.મી(.
૧	૨૦૨૫	પાટણ	૫૦૦	પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે	૫૦૦
૨			૫૫૨૪	પંચાયતના રોડ માટે	૫૫૨૪
૩			૧૦૦૦૦	પાણી પુરવઠાને	૧૦૦૦૦
૪	૨૦૨૫		૫૦૦	સરકારી આયુર્વેદ દવાખાના મણુંદ માટે	૫૦૦
૫	૨૦૨૪	ચાણસ્મા	૬૦૦૦	હેડવર્કસ માટે	૬૦૦૦
૬	૨૦૨૪	રાધનપુર	૫૦૦	પેટા આરોગ્ય કેન્દ્ર, અલ્હાબાદના મકાન બાંધકામ માટે	૫૦૦
૭	૨૦૨૪	સમી	૫૦૦	પેટા આરોગ્ય કેન્દ્ર, વરાણાના બાંધકામ માટે	૫૦૦
૮	૨૦૨૪	સરસ્વતી	૫૦૦૦	હેડવર્કસ માટે	૫૦૦૦
૯			૨૫૦૦	પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર માટે	૨૫૦૦
૧૦			૩૫૦૦	સબ હેડ વર્કસ માટે	૩૫૦૦
૧૧			૩૦૦૦	સબ હેડવર્કસ બનાવવા માટે	૩૦૦૦
૧૨			૨૧૦૦	ચિલ્ડ્રન હોમ ફોર બોયઝ, પાટણ માટે	૨૧૦૦
૧૩	૨૦૨૫		૪૯૦૦	૬૬ કે.વી .સબ સ્ટેશન માટે	૪૯૦૦
૧૪			૫૦૦૦	મુના ગામતળ માટે	૫૦૦૦
૧૫			૪૫૦૩	સરકારી માધ્યમિક શાળા સાંપ્રાના મકાન તથા રમત–ગમતના મેદાન માટે	૪૫૦૩
૧૬	૨૦૨૪	સિધ્ધપુર	૧૦૦૦૦	સબ હેડવર્કસ માટે	૧૦૦૦૦
૧૭			૧૯૪૪૧	શૈક્ષણિક હેતુ માટે	૧૯૪૪૧
૧૮	૨૦૨૫		૯૪૧૯	સબ વર્કસ માટે	૯૪૧૯
૧૯			૨૫૦૦	સબ વર્કસ માટે	૨૫૦૦
૨૦			૨૫૦૦	ખળી ગામતળ માટે	૨૫૦૦
૨૧			૩૦૦૦	દશાવાડા ગામતળ માટે	૩૦૦૦
૨૨			૭૨૦૦	સરકારી માધ્યમિક શાળા મેળોજ માટે	૭૨૦૦
૨૩			૧૩૦૦૦	સરકારી માધ્યમિક શાળા દેથળી માટે	૧૩૦૦૦
૨૪			૧૦૦૦૦	સરકારી માધ્યમિક શાળા નિક્રોડા માટે	૧૦૦૦૦
૨૫			૧૦૦૦૦	સામુહિક આરોગ્ય કેન્દ્રના મકાન બનાવવા માટે	૧૦૦૦૦
૨૬	૨૦૨૫	હારીજ	૬૭૫૫	સરકારી માધ્યમિક શાળાના બાંધકામ માટે	૬૭૫૫

૨૭			૧૫૦૦૦	પેટા આરોગ્ય કેન્દ્ર, વરાણાના બાંધકામ માટે	૧૫૦૦૦
૨૮			૫૦૦	પેટા આરોગ્ય કેન્દ્ર, સરવાલના બાંધકામ માટે	૫૦૦
કુલ ફાળવેલ જમીનનું ક્ષેત્રફળ)ચો.મી(.			**૧૬૩૩૪૨**	**કુલ બદલાના ધોરણે ગૌચર નીમ જમીનનું ક્ષેત્રફળ)ચો.મી(.**	**૧૬૩૩૪૨**

તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર મહેસાણા જિલ્લામાં તાલુકાવાર ગૌચરની કેટલી જમીન કયા હેતુસર ફાળવવામાં આવી,

ક્રમ	વર્ષ	તાલુકો	ફાળવેલ જમીનનું ક્ષેત્રફળ)ચો.મી(.	ફાળવણીનો હેતુ	બદલાના ધોરણે ગૌચર નીમ જમીનનું ક્ષેત્રફળ)ચો.મી(.
૧	૨૦૨૪	વિસનગર	૧૦૦૦૦	સબ હેડ વર્કસ	૧૦૦૦૦
૨			૨૫૦૦	સબ હેડ વર્કસ	૨૫૦૦
૩			૧૦૦૦૦	સબ હેડ વર્કસ	૧૦૦૦૦
૪			૯૩૮	આંગણવાડી કેન્દ્ર	૯૩૮
૫			૧૦૦૦૦	સબ હેડ વર્કસ	૧૦૦૦૦
૬	૨૦૨૫		૪૯૦૦	૬૬ કેવી સબસ્ટેશન	૪૯૦૦
૭			૫૦૦	પેટા આરોગ્ય કેન્દ્ર	૫૦૦
૮	૨૦૨૪	મહેસાણા	૫૦૦	અર્બન હેલ્થ સેન્ટર	૫૦૦
૯			૪૯૦૦	૬૬ કે.વી .સબસ્ટેશન	૪૯૦૦
૧૦	૨૦૨૫		૮૦૦૦	ડ્રગ વેર હાઉસ	૮૦૦૦
૧૧	૨૦૨૪	ખેરાલુ	૪૯૦૦	સબ હેડ વર્કસ	૪૯૦૦
૧૨			૩૯૭૪	તારંગા હિલ–આબુ રોડ–અંબાજી રેલ્વેલાઈન	૩૯૭૪
૧૩	૨૦૨૪	સતલાસણા	૩૬૯.૨૮	તારંગા હિલ–આબુ રોડ–અંબાજી રેલ્વેલાઈન	૩૬૯.૨૮
૧૪			૪૦૪૭	સ્મશાન સદરે નીમ કરવા	૪૦૪૭
૧૫			૪૯૦૦	સબ હેડ વર્કસ	૪૯૦૦
૧૬	૨૦૨૪	કડી	૧૫૦૦	આવવા–જવાના રસ્તા માટે	૧૫૦૦
૧૭	૨૦૨૫		૪૯૦૦	૬૬ કેવી સબસ્ટેશન	૪૯૦૦
૧૮	૨૦૨૪	વિજાપુર	૪૯૦૦	૬૬ કે.વી .સબસ્ટેશન	૪૯૦૦
૧૯	૨૦૨૫		૭૩૦૦	૬૬ કે.વી.સબસ્ટેશન	૭૩૦૦
૨૦			૨૫૦૦	પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર	૨૫૦૦
૨૨	૨૦૨૪	જોટાણા	૭૨૧	જી.જી .રિવેમ્પીંગ)ઓ.એન.જી.સી(.	૭૨૧
૨૩	૨૦૨૪	વડનગર	૩૭૯૪૧	એલ &ટી .સંચાલિત સી.એસ.ટી.આઇ.	૩૭૯૪૧
કુલ ફાળવેલ જમીનનુ ક્ષેત્રફળ)ચો.મી(.		**૧૬૦૧૯૦.૨૮**		**કુલ બદલાના ધોરણે ગૌચર નીમ જમીનનું ક્ષેત્રફળ)ચો.મી(.**	**૧૬૦૧૯૦.૨૮**

શ્રી સંજયસિંહ વિ. મહિડા : જવાબ છાપ્યા મુજબ.

અધ્યક્ષશ્રી : પ્રશ્નોત્તરીનો સમય પૂરો થાય છે.

અતારાંકિત પ્રશ્નો
(તારાંકિત પ્રશ્નોમાંથી ફેરવવામાં આવેલ)

પંચમહાલ જિલ્લામાં નલ સે જલ યોજના

15/8/3327 શ્રી જેઠાભાઇ આહીર) ભરવાડ( )શહેરા **:(માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા (**જણાવવા કૃપા કરશે કે – :

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં "નલ સે જલ "યોજના અન્વયે કેટલા ગામોને પાઇપલાઈન પૂર્ણ કરીને પાણી ઘેર ઘેર સુધી પહોંચાડવામાં આવે છે,	(૧)	પંચમહાલ જિલ્લાના શહેરા તાલુકામાં "નલ સે જલ "યોજના અન્વયે ૯૨ ગામોને પાઇપલાઈન પૂર્ણ કરીને પાણી ઘેર ઘેર સુધી પહોંચાડવામાં આવેલ છે .
(૨)	ઉકત સ્થિતિએ તાલુકાવાર કેટલા ગામોમાં પાણી પહોંચતું નથી, અને	(૨)	ઉકત સ્થિતિએ પાણી પહોંચતું નથી તેવા કોઇ ગામો નથી.
(૩)	ઉકત સ્થિતિમાં પાણી ન પહોંચવાના કારણો શાં છે?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

દાહોદ જિલ્લામાં નલ સે જલ યોજના

15/8/2856 શ્રી મહેશભાઇ ભુરીયા)ઝાલોદ **:(માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા (**જણાવવા કૃપા કરશે કે– :

પ્રશ્ન	**જવાબ**
તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં દાહોદ જિલ્લામાં નલ સે જલ યોજનામાં તાલુકાવાર લાભાર્થીઓની સંખ્યા અને તે અંગે કેટલો ખર્ચ કરવામાં આવેલ છે ?	પાણી પુરવઠા યોજનાઓમાં જે વિસ્તાર માટે યોજના બનાવવામાં આવે છે તે વિસ્તારની તમામ વસ્તીને યોજનાનો લાભ મળે છે .જે મુજબ ઉક્ત સ્થિતિએ દાહોદ જિલ્લાની અંદાજે ૨૦ લાખથી વધુ ગ્રામ્ય વસ્તીને લાભ મળેલ છે અને છેલ્લા બે વર્ષમાં ગામની આંતરિક પાણી પુરવઠા યોજનાઓ અંતર્ગત રૂ.૩૮૦૮.૬૨–/લાખનો ખર્ચ કરવામાં આવેલ છે.

અમરેલી જિલ્લાના નોન પ્લાન રસ્તાઓની કામગીરી

15/8/2682 શ્રી સુધીરભાઈ વાઘાણી) ગારીયાધાર **: (માનનીય મુખ્યમંત્રીશ્રી)માર્ગ અને મકાન(** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ અમરેલી જિલ્લાના નોન પ્લાન રસ્તાના મંજૂર કરેલા કામો ઘણા સમયથી પડતર છે તે હકીકતથી સરકાર વાકેફ છે,	(૧)	હા,જી.
(૨)	જો હા તો, ઉક્ત સ્થિતિએ કેટલા મંજૂર નોન પ્લાન રસ્તાના કામ બાકી છે,	(૨)	૧૪ નોન પ્લાન રસ્તા .
(૩)	ઉક્ત કામ બાકી હોવાના કારણો શા છે, અને	(૩)	જમીન પ્રશ્ન, કોર્ટ કેસ અને ઈજારદારશ્રીના વિલંબના કારણે, અને
(૪)	ઉક્ત બાકી રહેલા કામો કેટલા સમયમાં પૂર્ણ કરવામાં આવશે ?	(૪)	બનતી ત્વરાએ.

વડોદરા જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

15/3841/8 શ્રી કેતનભાઈ મહેન્દ્રભાઈ ઈનામદાર) સાવલી(**: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**

(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વડોદરા જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૧,૦૪,૧૪૩)એક લાખ ચાર હજાર એકસો ત્રેતાલીસ(
(૨)	તે પૈકી મહિલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૨૬,૦૮૭)છવ્વીસ હજાર સિત્યાસી(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	૩.૭૧,૭૨,૭૦,૮૪૪) –/અંકે રૂપિયા એકોતેર કરોડ બોતેર લાખ સિત્તેર હજાર આઠસો ચુંવાલીસ(

માંડવી તાલુકાના તડકેશ્વર ગામે પાણીની ટાંકી તુટવાની ઘટના

1684/8/15 શ્રી જિગ્નેશ મેવાણી) વડગામ :(માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી)રાજ્યકક્ષા (જણાવવા કૃપા કરશે કે –:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ સુરત જિલ્લાના માંડવી તાલુકાના તડકેશ્વર ગામે પાણીની ટાંકી તુટવાની ઘટનામાં જવાબદાર એજન્સી સામે પોલીસ ફરિયાદ દાખલ કરવામાં આવેલ છે કે કેમ, અને	(૧)	હા,
(૨)	જો હા, તો પોલીસ ફરિયાદ અન્વયે કેટલા આરોપીઓની ધરપકડ કરવામાં આવી અને કેટલાની ધરપકડ કરવાની બાકી છે?	(૨)	પોલીસ ફરિયાદ અન્વયે સંબંધિત સ્ટાફ, ઈજારદાર અને કામની PMC ના ૮)આઠ (વ્યક્તિની ધરપકડ કરવામાં આવેલ છે.

બોટાદ જિલ્લામાં જાહેર હેતુ માટે જમીન ફાળવણી

15/8/2804 શ્રીમતી સેજલબેન રાજીવકુમાર પંડ્યા (ભાવનગર પૂર્વ)**: માનનીય મુખ્યમંત્રીશ્રી(મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.-

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો ૧૯૭૨ના વહીવટી હુકમ–૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૬૯
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૩૪
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	મંજુર કરેલ ૩૪ કિસ્સામાં કુલ ૨,૪૩,૧૬૯.૦૦ ચો.મી .જમીન ફાળવવામાં આવેલ છે.

બનાસકાંઠા અને મોરબી જિલ્લામાં ડિસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન ફંડ દ્વારા થયેલ કામોમાં ગેરરીતી

15/8/3757 શ્રી કાન્તીભાઇ કાળાભાઈ ખરાડી) દાંતા (: **માનનીય મુખ્યમંત્રીશ્રી)ખાણ અને ખનિજ(** જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	ડીસ્ટ્રીક્ટ મિનરલ ફાઉન્ડેશન)DMF) અન્વયે તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર બનાસકાંઠા અને મોરબી જિલ્લામાં થયેલ કામોમાં ગેરરીતિ થઈ હોવા અંગેની જિલ્લાવાર કેટલી ફરિયાદો મળી, અને	(૧)	જિલ્લો: બનાસકાંઠા, મોરબી — ફરિયાદોની સંખ્યા: શૂન્ય
(૨)	ઉક્ત સ્થિતિએ મળેલ ફરિયાદો અંગે જવાબદારો સામે શું કાર્યવાહી કરી?	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી .

રાજકોટ જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

15/3837/8 ડૉ .દર્શીતા શાહ) રાજકોટ પશ્ચિમ(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૧,૪૨,૪૬૦)એક લાખ બેતાલીસ હજાર ચારસો સાઈઠ(
(૨)	તે પૈકી મહીલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૪૯,૨૯૯)ઓગણપચાસ હજાર બસો નવ્વાણું(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	૩.૯૪,૧૪,૧૧,૫૩૨) –/અંકે રૂપિયા ચોરાણું કરોડ ચૌદ લાખ અગિયાર હજાર પાંચસો બત્રીસ પૂરા(

આણંદ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

15/8/3843 શ્રી ચિરાગકુમાર અરવિંદભાઈ પટેલ) ખંભાત:(**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ (**જણાવવા કૃપા કરશે કે–:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૪૧૪૬
(૨)	ઉક્ત સ્થિતિએ આણંદ જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજુર કરવામાં આવી?	(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ ૨૫૭૪ અરજીઓ મંજુર કરેલ છે .જેની વિગતો નીચે મુજબ છે.

ક્રમ	તાલુકાનું નામ	મંજુર કરેલ અરજીઓ
૧	આણંદ)શહેર(	૧૩૮
૨	આણંદ)ગ્રામ્ય(	૧૦૪૫
૩	ઉમરેઠ	૧૭૧
૪	બોરસદ	૨૪૧
૫	આંકલાવ	૩૨૮
૬	પેટલાદ	૨૩૩
૭	સોજીત્રા	૫૩
૮	ખંભાત	૧૬૭
૯	તારાપુર	૧૯૮
	કુલ	**૨૫૭૪**

સુરત અને રાજકોટ જીલ્લાના ધારાસભ્યશ્રીઓને મળતી ગ્રાન્ટ બાબત

3703/8/15 શ્રી ગોપાલભાઈ ગોરધનભાઈ ઈટાલીયા) વિસાવદર **:(માનનીય મુખ્યમંત્રીશ્રી)સામાન્ય વહીવટ (**જણાવવા કૃપા કરશે કે:

	પ્રશ્ન		**જવાબ**

<table>
<tr><td>(૧)</td><td>રાજ્યમાં ધારાસભ્યોને આપવામાં આવતા અનુદાન)MLALAD) પેટે તા.૦૧/૦૪/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને રાજકોટ શહેર /જિલ્લામાં સભ્યદીઠ કેટલું અનુદાન ફાળવવામાં આવ્યું,</td><td>(૧)</td><td>છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ૩.૧.૫૦ કરોડ અનુદાન ધારાસભ્ય દીઠ ફાળવવામાં આવ્યું.

(૩.કરોડમાં)</td></tr>
<tr><td>(૨)</td><td>ઉક્ત સ્થિતિએ સુરત અને રાજકોટ શહેર /જીલ્લાના ધારાસભ્યશ્રીઓ દ્વારા સ્થાનિક વિસ્તારના વિકાસના કામો માટે છેલ્લા બે વર્ષમાં કેટલા રૂપિયા/ગ્રાન્ટની ભલામણ કરવામાં / ફાળવવામાં આવી ,કેટલા રૂપિયા વણવપરાયેલા રહ્યા ,અને</td><td>(૨)

અને</td><td rowspan="2"><table>
<tr><th>શહેર /જીલ્લો</th><th colspan="2">સુરત</th><th colspan="2">રાજકોટ</th></tr>
<tr><td>વર્ષ</td><td>૨૦૨૩–૨૪</td><td>૨૦૨૪–૨૫</td><td>૨૦૨૩–૨૪</td><td>૨૦૨૪–૨૫</td></tr>
<tr><td>ભલામણ કરેલ ગ્રાન્ટની રકમ</td><td>૨૫.૭૮</td><td>૨૬.૩૩</td><td>૧૧.૮૭</td><td>૧૧.૧૧</td></tr>
</table>
ધારાસભ્યશ્રી ફંડ અંતર્ગત કામો પૂર્ણ કરી ખર્ચ કરવાની મુદત હાલ શરુ હોઈ ,નાણા વણવપરાયેલ રહેવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.</td></tr>
<tr><td>(૩)</td><td>નાણા વણવપરાયેલ રહેવાના કારણો શા છે?</td><td>(૩)</td></tr>
</table>

સુરેન્દ્રનગર જિલ્લામાં ગામતળ નીમ કરવા માટેની અરજીઓ

15/8/2514 શ્રી પ્રકાશભાઈ પરસોત્તમભાઈ વરમો)ધ્રાંગધ્રા:(**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ (**જણાવવા કૃપા કરશે કે.-

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરેન્દ્રનગર જિલ્લામાં ગામતળ નીમ કરવા માટે કેટલી અરજીઓ મળેલ છે, અને</td><td>(૧)</td><td>૧૮</td></tr>
<tr><td>(૨)</td><td>તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ તાલુકાવાર મંજુર કરવામાં આવી?</td><td>(૨)</td><td>તે પૈકી ઉક્ત સ્થિતિએ ૮ અરજીઓ મંજુર કરેલ છે . જેની વિગતો નીચે મુજબ છે.
<table>
<tr><th>ક્રમ</th><th>તાલુકાનું નામ</th><th>મંજુર કરેલ અરજીઓ</th></tr>
<tr><td>૧</td><td>લખતર</td><td>૦૨</td></tr>
<tr><td>૨</td><td>દસાડા</td><td>૦૬</td></tr>
<tr><td></td><td>કુલ</td><td>૦૮</td></tr>
</table></td></tr>
</table>

બોટાદ જિલ્લામાં બિનખેતી પરવાનગી માંગતી અરજીઓ

15/8/2808 શ્રી ભીખાભાઇ રવજીભાઇ બારૈયા (પાલીતાણા) **: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.-

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, અને</td><td>(૧)</td><td>૬૧૭</td></tr>
</table>

(૨)	ઉકત સ્થિતિએ બોટાદ જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી?	(૨)	<table><tr><th>ક્રમ</th><th>તાલુકો</th><th>મંજુર કરવામાં આવેલ અરજીની સંખ્યા.</th></tr><tr><td>૧</td><td>બોટાદ)શહેર(</td><td>૫૭</td></tr><tr><td>૨</td><td>બોટાદ)ગ્રામ્ય(</td><td>૧૩૯</td></tr><tr><td>૩</td><td>ગઢડા</td><td>૯૬</td></tr><tr><td>૪</td><td>રાણપુર</td><td>૬૭</td></tr><tr><td>૫</td><td>બરવાળા</td><td>૯૭</td></tr></table>

વાવ–થરાદ જિલ્લાના મોટા કાપરાથી બાલોઘર રોડને પહોળો કરવા બાબત

15/8/2846 શ્રીમતી માલતી કિશોર મહેશ્વરી) ગાંધીધામ **: (માનનીય મુખ્યમંત્રીશ્રી)માર્ગ અને મકાન(** જણાવવા કૃપા કરશે કે:–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ –વાવ થરાદ જિલ્લાના લાખણી તાલુકાના મોટા કાપરાથી બાલોઘર સુધીના રોડને પહોળો કરવા માટે સરકાર દ્વારા કોઈ કાર્યવાહી કરેલ છે કે કેમ,	**(૧)**	હા, જી.
(૨)	જો હા, તો કેટલી લંબાઈ માટે ઉકત કામગીરી કરવામાં આવશે, અને	(૨)	૫ કિ.મી.૪૦૦ મી.
(૩)	તે પેટે કેટલી રકમ મંજૂર કરવામાં આવી?	(૩)	૧૧૫૦.૦૦ લાખ રૂ.

આણંદ જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

15/3816/8 શ્રી યોગેશ આર .પટેલ)આણંદ(**: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં આણંદ જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૩૬,૧૫૨)છત્રીસ હજાર એકસો બાવન(
(૨)	તે પૈકી મહીલા સશકિતકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૭,૪૩૩)સાત હજાર ચારસો તેત્રીસ(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	કુલ ૩ .૧,૨૨,૫૪,૧૩૩) –/અંકે રૂપિયા એક કરોડ બાવીસ લાખ ચોપન હજાર એકસો તેત્રીસ પૂરા (

ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ લી .યુનિટ, ઈન્ડિયન રેયોન, વેરાવળ પાસેથી બાકી વસૂલાત

15/8/3784 શ્રી હેમંતભાઈ હરદાસભાઈ આહિર)જામજોધપુર **:(માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી)રાજ્યકક્ષા (**જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન	**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ ગ્રાસિમ ઈન્ડસ્ટ્રીઝ લી . યુનિટ, ઈન્ડિયન રેયોન, વેરાવળ પાસેથી જળસંપત્તિ વિભાગ દ્વારા કોઈ વસુલાત બાકી છે કે કેમ,	(૧) ના, જી.
(૨)	જો હા, તો ઉક્ત સ્થિતીએ કેટલી વસુલાત ક્યારથી બાકી છે અને તેના કારણો શા છે, અને	(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	ઉક્ત બાકી રકમ ક્યા સુધીમાં વસુલવામાં આવશે?	(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ડાંગ જિલ્લામાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના

15/8/2842 શ્રીમતી સંગીતાબેન પાટીલ)લીંબાયત: (**માનનીય મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી) રાજ્યકક્ષા (** જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત ડાંગ જીલ્લામાં કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી અને કેટલી અરજી પડતર છે, અને	(૧)	મંજૂર: ૬૯૦, પડતર: ૦૨
(૨)	ઉક્ત અરજીઓ પડતર રહેવાના કારણો શાં છે?	(૨)	ઉક્ત સ્થિતિએ અરજી મંજુરીની કાર્યવાહી હેઠળ હોવાથી પડતર રહેલ હતી .

મોરબી જિલ્લામાં પંચાયત સિંચાઇ વિભાગ હસ્તકની નાની સિંચાઇ યોજનાઓ

15/8/2816 શ્રી જયસુખભાઇ વલ્લભભાઇ કાકડિયા) ધારી(**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી) રાજ્યકક્ષા (**જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતીએ મોરબી જિલ્લામાં પંચાયત સિંચાઇ વિભાગ હસ્તક કેટલી નાની સિંચાઇ યોજનાઓ આવેલી છે,	(૧)	૨૧
(૨)	સરકાર દ્વારા આ નાની સિંચાઈ યોજનાઓના સુધારણા માટે કોઈ કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે કે કેમ,	(૨)	હા
(૩)	જો હા તો આ કામ ઉક્ત સ્થિતિએ ક્યાં તબકકે છે, અને	(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત ૨૧ નાની સિંચાઈ યોજનાઓના કામો પૈકી ૦૬ નાની સિંચાઈ યોજનાના કામો પુર્ણ થયેલ છે, ૭ નાની સિંચાઈ યોજનાના કામો પ્રગતિ હેઠળ, ૬ નાની સિંચાઈ યોજનાના કામો ટેન્ડર તબક્કે અને ૨ નાની સિંચાઈ યોજનાના કામો અંદાજ તબક્કે છે.
(૪)	ઉક્ત કામ પૂર્ણ થયેથી કેટલા વિસ્તારને લાભ થશે?	(૪)	૩૨૮૦.૨૦ હેક્ટર

વલસાડ જિલ્લામાં સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવણી

/8/15 2528 શ્રી ભરતભાઇ કીકુભાઇ પટેલ (વલસાડ **: (માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(** જણાવવા કૃપા કરશે કે–:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં રાજય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૧૪)ચૌદ(
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૯)નવ(
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે ?	(૩)	૯)નવ (કિસ્સામાં ૫૦,૩૬૦ ચો.મી . જમીનની ફાળવણી કરવામાં આવેલ છે.

અતારાંકિત પ્રશ્નો

અરવલ્લી જિલ્લામાં ગામતળ નીમ કરવા માટેની અરજીઓ

2820/8/15શ્રી કિરીટકુમાર કેશવલાલ પટેલ)કે.કે.પટેલ) **(**ઉંઝા(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અરવલ્લી જિલ્લામાં ગામતળ નીમ કરવા માટે કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૭
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી?	(૨)	

તાલુકાનું નામ	મંજૂર અરજીઓ
મોડાસા	૨
ધનસુરા	૨
માલપુર	૧

જૂનાગઢ જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા બાબત

2526/8/15શ્રી સંજય સુખાભાઈ કોરડીયા)જૂનાગઢ: (**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ (**જણાવવા કૃપા કરશે કે –:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૨૫ અરજીઓ
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧૪
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	૧૪ કિસ્સામાં ૨૬૦૯૧.૭–૦૦ ચો.મી .જમીન

મહીસાગર જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા બાબત

15/8/2524 શ્રી માનસિંહ કોહ્યાભાઈ ચૌહા (બાલાસિનોર) : **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ**) જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મહીસાગર જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૧૪
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧૦
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	૧૦ કિસ્સામાં ૪૦૭૩૨ ચો.મી. જમીન ફાળવવામાં આવેલ છે.

ડાંગ જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા મળેલ અરજીઓ

15/82825/ શ્રી કાંતીભાઇ હિંમતભાઇ બલ)સુરત)ઉત્તર((: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થાના કામે સરકારી જમીન ફાળવવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૦

(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

ભરૂચ જિલ્લામાં મહિલાઓને મિલકત ખરીદી દસ્તાવેજ માટે નોંધણી ફી માફી

15/3819/8 શ્રી રમેશભાઈ નારણદાસ મિસ્ત્રી)ભરૂચ(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ભરૂચ જિલ્લામાં કુલ કેટલા વેચાણ દસ્તાવેજની નોંધણી થયેલ છે,	(૧)	કુલ ૪૭,૮૭૨)સુડતાલીસ હજાર આઠસો બોત્તેર (
(૨)	તે પૈકી મહીલા સશક્તિકરણ અન્વયે મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના કેટલા વેચાણ દસ્તાવેજોની નોંધણી થયેલ છે, અને	(૨)	કુલ ૧૦,૧૯૮)દસ હજાર એકસો અઠ્ઠાણું(
(૩)	મહિલાઓ દ્વારા ખરીદાયેલ મિલકતના વેચાણ દસ્તાવેજોમાં કેટલી નોંધણી ફી માફી મળેલ છે?	(૩)	કુલ ૩.૧૦,૫૬,૧૬,૨૨૪) –/અંકે રૂપિયા દસ કરોડ છપ્પન લાખ સોળ હજાર બસો ચોવીસ પૂરા(

પંચમહાલ જિલ્લામાં જાહેર હેતુ માટે જમીન ફાળવણી

15/8/2500 શ્રી સી.કે.રાઉલજી)ગોધરા:(**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(** જણાવવા કૃપા કરશે કે–:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં પંચમહાલ જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો ૧૯૬૨ના વહીવટી હુકમ–૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૫૬)છપ્પન(
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજુર કરવામાં આવી,અને	(૨)	૨૧)એકવીસ(
(૩)	મંજુર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	કુલ કિસ્સા: ૨૧ / કુલ ક્ષેત્રફળ: ૧૨૧૩૮૧ ચો.મી.

રાજકોટ જિલ્લામાં જાહેર હેતુ માટે જમીન ફાળવણી

2498/8/15 શ્રી રમેશભાઈ વીરજીભાઈ ટીલાળા) રાજકોટ દક્ષિણ **: (માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(** જણાવવા કૃપા કરશે કે–:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો ૧૯૬૨ના વહીવટી હુકમ–૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૧૦૮)એકસો આઠ(
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૬૩)ત્રેસઠ(
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	૬૩)ત્રેસઠ(કિસ્સામાં ૫૩૯૬૩૦.૩૭ ચો.મી . જમીન ફાળવવામાં આવી છે .

અતારાંકિત પ્રશ્નો

ડાંગ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

15/82814/ શ્રી ડી.કે.સ્વામી) જંબુસર(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૪
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	૧ કિસ્સામાં ૪૨૨.૪૭ ચો.મી .જમીનની ફાળવણી કરવામાં આવી.

નવસારી જિલ્લામાં જાહેર હેતુ માટે જમીન ફાળવણી

15/82501/ શ્રી રાકેશ ગુણવંતભાઇ દેસાઈ) નવસારી(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નવસારી જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો ૧૯૭૨ના વહીવટી હુકમ–૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૬૯
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૩૩
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	૩૩ કિસ્સામાં ક્ષેત્રફળ–૪૦૪૫૬૫ ચો.મી . જમીન ફાળવવામાં આવેલ છે.

વાવ થરાદ જિલ્લાના વિવિધ ગામોમાં નર્મદા મુખ્ય નહેર આધારીત જુથ યોજનાઓ

15/8/2456 શ્રી કેશાજી શિવાજી ચૌહાણ (દિયોદર): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ વાવ–થરાદ જિલ્લાના વાવ, સુઇગામ, થરાદ, રાહ, ધરણીધર અને લાખણી તાલુકાના ગામો માટે નર્મદા મુખ્ય નહેર આધારિત જુથ સુધારણા પાણી પુરવઠા યોજના મંજૂર કરવામાં આવેલ છે કે કેમ, અને	(૧)	હા, જી
(૨)	જો હા, તો આ યોજનામાં કેટલા ગામો અને શહેરનો સમાવેશ કરવામાં આવેલ છે?	(૨)	૨૫૫ ગામો અને ૦ શહેર

રાજકોટ જિલ્લામાં પંચાયત સિંચાઇ વિભાગ હસ્તકની નાની સિંચાઇ યોજનાઓની મરામત

15/8/2440 શ્રી ઉદય કાનગડ) રાજકોટ પૂર્વ(**: માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી) રાજ્યકક્ષા (**જણાવવા કૃપા કરશે કે–.

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં પંચાયત સિંચાઇ વિભાગ હસ્તક કેટલી નાની સિંચાઇ યોજનામાં મરામતના કામ કરવામાં આવ્યા,	(૧)	૩૬
(૨)	ઉકત નાની સિંચાઇ યોજનાના મરામતના કામ માટે કેટલો ખર્ચ થયો, અને	(૨)	૩ .૧૭.૨૯ કરોડ
(૩)	ઉકત નાની સિંચાઇ યોજનાના મરામતના કામથી કેટલા વિસ્તારને લાભ થશે?	(૩)	૧૧૧૩૧ હેક્ટર

તા.૨૪મી માર્ચ, ૨૦૨૬

અતારાંકિત પ્રશ્નો

અમદાવાદ જિલ્લામાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ કામો

15/8/2743 શ્રી ઈમરાન યુસુફભાઈ ખેડાવાલા) જમાલપુર–ખાડીયા(**:માનનીય મુખ્યમંત્રીશ્રી)માર્ગ અને મકાન(**

જણાવવા કૃપા કરશે કે:–

<table>
<tr><th></th><th>પ્રશ્ન</th><th></th><th>જવાબ</th></tr>
<tr><td>(૧)</td><td>તા.૩૧/૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ અમદાવાદ જિલ્લામાં તાલુકાવાર કુલ કેટલા અને કેટલી રકમના કામો મંજૂર થયા,</td><td>(૧)</td><td>
<table>
<tr><th>ક્રમ</th><th>તાલુકો</th><th>રસ્તાની સંખ્યા</th><th>મંજૂરીની રકમ)લાખમાં(</th></tr>
<tr><td>૧</td><td>દસ્ક્રોઇ</td><td>૪૮</td><td>૬૯૪૯.૦૦</td></tr>
<tr><td>૨</td><td>સાણંદ</td><td>૩૭</td><td>૭૭૧૬.૫૪</td></tr>
<tr><td>૩</td><td>ધોળકા</td><td>૩૯</td><td>૧૧૭૨૨.૫૦</td></tr>
<tr><td>૪</td><td>ધંધુકા</td><td>૨૨</td><td>૫૧૯૦.૦૦</td></tr>
<tr><td>૫</td><td>ધોલેરા</td><td>૧૫</td><td>૫૫૧૭.૦૦</td></tr>
<tr><td>૬</td><td>બાવળા</td><td>૧૬</td><td>૩૦૯૦.૦૦</td></tr>
<tr><td>૭</td><td>વિરમગામ</td><td>૩૪</td><td>૬૨૧૧.૧૨</td></tr>
<tr><td>૮</td><td>માંડલ</td><td>૧૯</td><td>૫૩૫૨.૦૦</td></tr>
<tr><td>૯</td><td>દેત્રોજ</td><td>૧૫</td><td>૨૫૨૫.૦૦</td></tr>
<tr><td colspan="2">**કુલ**</td><td>**૨૪૫**</td><td>**૫૪૨૭૩.૧૬**</td></tr>
</table>
</td></tr>
<tr><td>(૨)</td><td>ઉક્ત સ્થિતિએ ઉક્ત મંજૂર થયેલા કામોમાંથી તાલુકાવાર કેટલી રકમના ખર્ચે કેટલા રસ્તાના કામો ઉકત સ્થિતિએ પૂર્ણ કરવામાં આવ્યા,</td><td>(૨)</td><td>
<table>
<tr><th>ક્રમ</th><th>તાલુકો</th><th>રસ્તાની સંખ્યા</th><th>ખર્ચની રકમ)લાખમાં(</th></tr>
<tr><td>૧</td><td>દસ્ક્રોઇ</td><td>૧૧</td><td>૫૮૪.૦૮</td></tr>
<tr><td>૨</td><td>સાણંદ</td><td>૧૩</td><td>૧૨૧૯.૦૩</td></tr>
<tr><td>૩</td><td>ધોળકા</td><td>૯</td><td>૧૩૨૦.૨૯</td></tr>
<tr><td>૪</td><td>ધંધુકા</td><td>૩</td><td>૨૩૦.૬૭</td></tr>
<tr><td>૫</td><td>ધોલેરા</td><td>૨</td><td>૨૯૦.૧૯</td></tr>
<tr><td>૬</td><td>બાવળા</td><td>૬</td><td>૫૬૦.૭૪</td></tr>
<tr><td>૭</td><td>વિરમગામ</td><td>૪</td><td>૧૭૬.૬૩</td></tr>
<tr><td>૮</td><td>માંડલ</td><td>૫</td><td>૫૦૮.૪</td></tr>
<tr><td>૯</td><td>દેત્રોજ</td><td>૧</td><td>૬૯.૭૭</td></tr>
<tr><td colspan="2">**કુલ**</td><td>**૫૪**</td><td>**૪૯૫૯.૮૦**</td></tr>
</table>
</td></tr>
<tr><td>(૩)</td><td>કેટલા રસ્તાના કામો બાકી રહ્યા, અને</td><td>(૩)</td><td>૧૧૩ કામો પ્રગતિ હેઠળ તથા ૭૮ કામો હવે શરૂ થનાર</td></tr>
<tr><td>(૪)</td><td>ઉકત રસ્તાના કામો બાકી રહેવાના કારણો શાં છે?</td><td>(૪)</td><td>સદર કામો પ્રગતિમાં છે તથા સમય મર્યાદામાં પુર્ણ કરવાનુ આયોજન છે.</td></tr>
</table>

જૂનાગઢ જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

2541/8/15શ્રી અરવિંદભાઇ જીવાભાઈ લાડાણી)માણાવદર: (**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ (**જણાવવા કૃપા કરશે કે –:

	પ્રશ્ન		જવાબ
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં જૂનાગઢ જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૧૦ અરજીઓ
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૦૫ અરજીઓ
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	કુલ ૦૫ કિસ્સામાં હે.૦–૫૭–૪૮ ચો.મી .જમીન

અતારાંકિત પ્રશ્નો

બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ગાળા ગામ ખાતે ડેમની જમીન સંપાદનની કામગીરી

15/8/2698 શ્રી ઉમેશભાઇ નારણભાઇ મકવાણા (બોટાદ**) : માનનીય જળસંપત્તિ મંત્રીશ્રી(રાજ્યકક્ષા)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં બોટાદ જિલ્લાના ગઢડા તાલુકાના ગાળા ગામ ખાતે ડેમની જમીન સંપાદનની કામગીરી હાલ ક્યા તબક્કે પહોંચી છે, ખેડૂતોને કુલ કેટલા રૂપિયાનું વળતર ચૂકવવામાં આવ્યું છે,	(૧)	તા.૩૧/૦૧/૨૬ની સ્થિતિએ, • આ સિંચાઇ યોજના માટે સંપાદન કરવાની રહેતી કુલ ૨૩૧–૯૩–૭૪ હે–આરે–ચો. જમીન પૈકી ૨૧૪–૪૦–૦૯ હે–આરે–ચો જમીન સંપાદન થયેલ છે. છેલ્લા બે વર્ષમાં કોઇ નવુ જમીન સંપાદન થયેલ નથી. • જમીન સંપાદનમાં થયેલ કોર્ટ કેસો અન્વયે છેલ્લા બે વર્ષમાં ૩.૪૫.૯૪ કરોડ જ્યારે કુલ ૩.૬૧.૭૨ કરોડનુ ચુકવણુ કરવામા આવેલ છે.
(૨)	આ ડેમ કુલ કેટલા રૂપિયાના ખર્ચે બનાવવામાં આવશે, અને	(૨)	અંદાજીત ૩. ૧૫૬.૭૨ કરોડ
(૩)	ઉક્ત ડેમ બન્યા પછી કુલ કેટલા ગામોને સિંચાઇનો લાભ થશે?	(૩)	હાલના આયોજન મુજબ ૭ ગામોને

સુરત જિલ્લામાં આરોગ્ય કેન્દ્ર માટે સરકારી જમીન ફાળવવા બાબત

152537/8/ શ્રી સંદીપ દેસાઇ) ચોર્યાસી (**: માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત જિલ્લામાં પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પેટા આરોગ્ય કેન્દ્ર અને સામુહિક આરોગ્ય કેન્દ્રના હેતુ માટે સરકારી જમીન આપવા અંગે કેટલી અરજીઓ મળેલ છે,	(૧)	૩૪
(૨)	તે પૈકી ઉક્ત સ્થિતિએ કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી, અને	(૨)	૧૩
(૩)	મંજૂર કરેલ અરજીઓ પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવણી કરવામાં આવી?	(૩)	૧૩ કિસ્સામાં ક્ષેત્રફળ ૮૨૦૦ ચો.મી .જમીન ફાળવવામાં આવી.

ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ખોટા ખેડૂત ખાતેદાર બનવા બાબત

15/8/3810 શ્રી અમિત ચાવડા) આંકલાવ :(**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ (**જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતીએ છેલ્લા બે વર્ષમાં ગાંધીનગર અને અમદાવાદ જિલ્લામાં ખોટા ખેડૂત બની ખેતીની જમીનો ધારણ કરવા, ખોટા દસ્તાવેજ, ખોટી રીતે જમીન ટ્રાન્સફર કરવા સંદર્ભની તાલુકાવાર કેટલી ફરીયાદો મળી,	(૧)	ગાંધીનગર : તાલુકા – અરજી સંખ્યા ગાંધીનગર – ૪૧ કલોલ – ૨૭ દહેગામ – ૧૧ માણસા – ૬ કુલ – ૮૫ અમદાવાદ : તાલુકા – અરજી સંખ્યા વટવા – ૭

				ઘાટલોડીયા	૫
				વેજલપુર	૪
				સાબરમતી	૨
				દશક્રોઇ	૨૯
				સાણંદ	૨૫
				બાવળા	૩
				વિરમગામ	૧૧
				દેત્રોજ–રામપુરા	૨
				માંડલ	૧
				કુલ	૮૯
(૨)	ઉક્ત સ્થિતીએ મળેલ ફરીયાદો પૈકી કેટલા કિસ્સામાં ફરીયાદની તપાસ સોંપવામાં આવેલ છે, અને	(૨)	ગાંધીનગર : જિલ્લામાં કુલ ૮૫ ફરીયાદ/અરજીઓ પરત્વે તપાસ કરવામાં આવેલ છે . અમદાવાદ : જિલ્લામાં કુલ ૮૯ ફરીયાદ/અરજીઓ પરત્વે તપાસ કરવામાં આવેલ છે.		
(૩)	ઉકત સ્થિતિએ કેટલી ફરીયાદો સંદર્ભે શી કાર્યવાહી કરવામાં આવી?	(૩)	ગાંધીનગર : જિલ્લામાં કુલ–૮૫ કેસો પૈકી કુલ–૬૧ કેસોમાં ગણોતઘારા હેઠળ કેસો ચલાવી પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ નિકાલ કરવામાં આવેલ છે તથા કુલ–૨૪ કેસોમાં હાલ સુનાવણી ચાલુમાં છે . અમદાવાદ: જિલ્લામાં કુલ–૮૯ કેસો પૈકી કુલ–૨૮ કેસોમાં ગણોતઘારા હેઠળ કેસો ચલાવી પ્રવર્તમાન જોગવાઇઓ મુજબ નિકાલ કરવામાં આવેલ છે તથા કુલ–૬૧ કેસોમાં હાલ સુનાવણી ચાલુમાં છે.		

વલસાડ જિલ્લામાં ગામતળ નીમ કરવા માટેની અરજીઓ

/8/152513 શ્રી અરવિંદ છોટુભાઇ પટેલ)ઘરમપુર **:(માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(** જણાવવા કૃપા કરશે કે–:

	પ્રશ્ન		**જવાબ**	
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લાં બે વર્ષમાં વલસાડ જિલ્લામાં ગામતળ નીમ કરવા માટે કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૩)ત્રણ(	
(૨)	તે પૈકી ઉકત સ્થિતિએ કેટલી અરજીઓ તાલુકાવાર મંજૂર કરવામાં આવી?	(૨)	**તાલુકો**	**મંજુર અરજીની સંખ્યા**
			વલસાડ)ગ્રામ્ય (	૨
			વલસાડ)શહેર (	૦
			ઘરમપુર	૦
			કપરાડા	૧
			પારડી	૦
			વાપી)ગ્રામ્ય(	૦
			વાપી)શહેર (	૦
			ઉમરગામ	૦
			નાનાપોંઢા	૦
			કુલ	૩

અતારાંકિત પ્રશ્નો

રાજકોટ જિલ્લામાં સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવણી

15/8/2532 ડૉ .મહેન્દ્રભાઈ પાડલિયા)ધોરાજી :(**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ (**જણાવવા કૃપા કરશે કે–:

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજકોટ જિલ્લામાં રાજય સરકારના બોર્ડ/કોર્પોરેશનને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૮૦
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી, અને	(૨)	૨૯
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીનની ફાળવવામાં આવેલ છે?	(૩)	કુલ ૨૨ કિસ્સામાં હે.૧૩–૪૬–૯૬ ચો.મી જમીનની ફાળવણી કરવામાં આવેલ છે.

રાજકોટ જિલ્લાની ભાડલા સુધારણા જુથ પાણી પુરવઠા યોજના

15/8/2455 શ્રીમતી ગીતાબા જયરાજસિંહ જાડેજા (ગોંડલ): માનનીય પાણી પુરવઠા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે: –

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ રાજકોટ જિલ્લાની ભાડલા જુથ પાણી પુરવઠા યોજનામાં કેટલા ગામોનો સમાવેશ કરેલ છે,	(૧)	૨૪ ગામો
(૨)	ઉકત યોજનાના કામ કયારે શરૂ કરવામાં આવેલ છે, અને	(૨)	તા.૦૬/૦૨/૨૦૨૪
(૩)	ઉક્ત યોજના થકી કેટલી વસ્તીને લાભ થનાર છે ?	(૩)	૧.૩૫ લાખથી વધુ વસ્તીને

સાબરકાંઠા જિલ્લામાં જાહેર હેતુ માટે જમીન ફાળવણી

2800/8/15ડૉ .સી.જે.ચાવડા) વિજાપુર(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સાબરકાંઠા જિલ્લામાં ગુજરાત જમીન મહેસૂલ નિયમો ૧૯૬૨ના વહીવટી હુકમ–૩ હેઠળ સરકારના વિભાગોને જાહેર હેતુ માટે જમીન ફાળવવાની કેટલી દરખાસ્તો મળી,	(૧)	૯૭
(૨)	તે પૈકી કેટલી દરખાસ્તો મંજૂર કરવામાં આવી? અને	૨(	૩૮
(૩)	મંજૂર કરેલ દરખાસ્તો પૈકી કેટલા કિસ્સામાં કેટલી જમીન ફાળવવામાં આવેલ છે?	(૩)	૩૮ કિસ્સામાં કુલ ૧૯૮૯૯૨.૨૪ ચો.મી .જમીન ફાળવવામાં આવેલ છે.

સુરત અને ભરૂચ જિલ્લામાં ૭૩–એએ ની જમીનો ટ્રાન્સફર કરવા બાબત

15/8/3846 શ્રી ચૈતરભાઈ દામજીભાઈ વસાવા)દેડીયાપાડા : (**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૦૧/૨૦૨૬ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં સુરત અને ભરૂચ જિલ્લામા કેટલી ૭૩–એએ ખેતીની જમીનો એન.એ).નોન એગ્રીકલ્ચર (માં ફેરવવામાં આવી,	(૧)	

ક્રમ	જિલ્લાનું નામ	ક્ષેત્રફળ
૧.	સુરત	ક્ષે ૧૧૯૦૨૭૦ ચો.મી
૨.	ભરૂચ	ક્ષે .૪૭૫૪૮૪ ચો.મી

(૨)	ઉક્ત ૭૩–એએ જમીનો એન.એ કરવાથી ઉક્ત જિલ્લાઓમાં ખેતી લાયક જમીનો કેટલી ઓછી થઈ, અને	(૨)	<table><tr><th>ક્રમ</th><th>જિલ્લાનું નામ</th><th>ક્ષેત્રફળ</th></tr><tr><td>૧.</td><td>સુરત</td><td>ક્ષે ૧૧૯૦૨૭૦ ચો.મી</td></tr><tr><td>૨.</td><td>ભરૂચ</td><td>ક્ષે .૪૭૫૪૮૪ ચો.મી</td></tr></table>
(૩)	ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાઓમાં ૭૩–એએ ખેતી લાયક જમીનો એન.એ . કરવાથી સરકારને કેટલી મહેસૂલી આવક થઈ?	(૩)	<table><tr><th>ક્રમ</th><th>જિલ્લાનું નામ</th><th>આવક</th></tr><tr><td>૧.</td><td>સુરત</td><td>૭૨,૬૩,૯૬૪ ૩ .</td></tr><tr><td>૨.</td><td>ભરૂચ</td><td>૨,૩૮,૯૨,૫૭૭ ૩.</td></tr></table>

ડાંગ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

15/8 2807/શ્રી પ્રવિણભાઇ મનજીભાઇ ઘોઘારી) કરંજ(: **માનનીય મુખ્યમંત્રીશ્રી (મહેસૂલ)** જણાવવા કૃપા કરશે કે.–

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ડાંગ જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે,અને	(૧)	૭૭
(૨)	ઉક્ત સ્થિતિએ ડાંગ જિલ્લામાં તાલુકાવાર જમીનની બિનખેતી માટેની કેટલી અરજીઓ મંજૂર કરવામાં આવી**?**	(૨)	<table><tr><th>તાલુકો</th><th>મંજૂર અરજીઓ</th></tr><tr><td>આહવા</td><td>૨૯</td></tr><tr><td>વઘઈ</td><td>૮</td></tr><tr><td>સુબીર</td><td>૬</td></tr></table>

નર્મદા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી અરજીઓ

15/8/2509 ડૉ .દર્શના ચંદુભાઈ દેશમુખ (નાંદોદ:(**માનનીય મુખ્યમંત્રીશ્રી)મહેસૂલ(** જણાવવા કૃપા કરશે કે

	પ્રશ્ન		**જવાબ**
(૧)	તા.૩૧/૧૨/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં નર્મદા જિલ્લામાં બિનખેતી માટેની પરવાનગી માંગતી કેટલી અરજીઓ મળેલ છે, અને	(૧)	૪૦૩
૭૬	દેડીયાપાડા	કોકમ ગામના મુખ્ય રસ્તાથી પેટીયાસાગ ફળીયાને જોડતો રોડ
૭૭	દેડીયાપાડા	ખુપર થી ગુલ્દાચામ રોડ (કરજણ નદી પર પુલ સાથે) તા.દેડીયાપાડા
૭૮	દેડીયાપાડા	સીંગલગભાણ રોડ
૭૯	દેડીયાપાડા	ખૈડીપાડા થી તાબદા રોડ
૮૦	દેડીયાપાડા	વાઘઉંમર થી ચોપડી રોડ ખુટતી લંબાઈ
૮૧	દેડીયાપાડા	વાઢવા થી કેલ રોડ
૮૨	દેડીયાપાડા	સામોટ થી મહારાષ્ટ્ર જતો રસ્તો
૮૩	દેડીયાપાડા	માથાવલી મેઈન રસ્તા થી મગરમુખ ફળીયાને જોડતો રસ્તો
૮૪	દેડીયાપાડા	દાભવણ થી નવીફળી રોડ
૮૫	દેડીયાપાડા	ગવલાવાડી (ઉમરાણ) ફળીયા થી અંબાડી સુરત જિલ્લાને જોડતો રોડ
૮૬	દેડીયાપાડા	નેશનલ હાઈવે સ્મશાન થી મોટીકાલબી ગામમાં થઈને કાકરપાડા ગામના પાટીયાને જોડતો રસ્તો (સ્લેબ ડ્રેઈન સાથે નં.૨ સહિત)
૮૭	દેડીયાપાડા	સામરઘાટ એપ્રોચ રોડ
૮૮	દેડીયાપાડા	સીંગલવાલ થી મોસ્કુવા જતો રસ્તો
૮૯	દેડીયાપાડા	ગારદા થી મોટા જાંબુડા રોડ

ક્રમ	તાલુકો	રસ્તાનું નામ
૯૦	દેડીયાપાડા	કુનબાર થી અલમાવાડી રોડ
૯૧	દેડીયાપાડા	બોગજ મેઈન રોડ થી કોલીવાડા (બો) જાંબુ ફળીયાને જોડતો રસ્તો
૯૨	સાગબારા	મોરાવી થી પાટ રોડ
૯૩	સાગબારા	સૌરાપાડા ફાટક (સ્ટેટ હાઈવે) થી પાટી નિશાળ ફળીયા ટાવલ ગામને જોડતો રસ્તો
૯૪	સાગબારા	ઉભારીયા સજનવાવ થી ડાબકા ફાટક સુધી રસ્તો
૯૫	સાગબારા	રણબુડા થી ખોડાઆંબા રસ્તો તથા પુલનું કામ
૯૬	સાગબારા	બેડાપાણી થી કોલવાણ રોડ
૯૭	સાગબારા	રાણીપુર થી પલાસવાડા રોડ

ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાઓ બાબત

અતારાંકિતઃ ૧૯૧૦ (૦૧-૧૦-૨૦૨૫) **શ્રી વિમલભાઈ ચુડાસમા** : (સોમનાથ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧-૦૮-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં શહેર અને તાલુકાવાર માર્ગ-મકાન વિભાગના સ્ટેટ અને પંચાયત હસ્તકના કયા કયા નવા રસ્તાઓ બનાવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાઓ પૈકી કેટલા રસ્તાઓ તૂટી ગયેલ અવસ્થામાં છે,

(૩) ઉક્ત તૂટી ગયેલ રસ્તાઓ માટે કેટલા કોન્ટ્રાક્ટર કે એજન્સી સામે શા પગલા લેવામાં આવ્યા, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના કેટલા અધિકારીઓ સામે કામના સ્થળે ગુણવત્તા ચકાસણીમાં બેદરકારી રાખવા બદલ શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) **:** (૦૯-૦૨-૨૦૨૬)

(૧) તા.૩૧-૦૮-૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં ગીર સોમનાથ જિલ્લામાં ૨૪ અને જૂનાગઢ જિલ્લામાં ૩૧ રસ્તાઓ નવા બનાવામાં આવેલ છે. (પરિશિષ્ટ મુજબ)

(૨) ઉક્ત રસ્તાઓ પૈકી કોઈ પણ રસ્તો તુટી ગયેલ અવસ્થામાં નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

પરિશિષ્ટ

અ.તા.પ્ર.ક.	માનનીય ધારાસભ્યશ્રી	વિષય
૧૯૧૦	શ્રી વિમલભાઈ ચુડાસમા	ગીર સોમનાથ અને જૂનાગઢ જિલ્લામાં સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાઓ બાબત.

ગીર સોમનાથ

ક્રમ	તાલુકો	રસ્તાનું નામ
૧	ઉના	વાજડી હનુમાન રોડ
૨	ઉના	ઉના ચાંચકવડ મેણ ગુંદાળા ખીલાવડ રોડ
૩	ઉના	ઉના આમોદ્રા ગરાળ મોઠા સનખડા ખત્રીવાડા રોહિસા રોડ
૪	ઉના	વ્યાજપુર વાવરડા રોડ
૫	ઉના	કોદીયા ઈંટવાયા રોડ
૬	ઉના	લામધાર થી ગુમપ્રયાગ રોડ
૭	ઉના	નાના સમઢીયાળા થી રબારીકા રોડ

ગીર સોમનાથ

ક્રમ	તાલુકો	રસ્તાનું નામ
૮	ઉના	ભાચા થી વાવરડા રોડ
૯	ઉના	નવી વાજડીથી જુની વાજડી
૧૦	ઉના	શાહ ડેશર થી ઓલવાણ રોડ
૧૧	કોડીનાર	આલીદર સોનપરા રોડ
૧૨	કોડીનાર	હરમડીયા ભોમેશ્વર રોડ
૧૩	કોડીનાર	હરમડીયા એભલવડ રોડ
૧૪	કોડીનાર	ડોળાસા બોડીદર રોડ
૧૫	કોડીનાર	આદપોકાર એપ્રોચ રોડ
૧૬	કોડીનાર	દેવળી એપ્રોચ રોડ
૧૭	કોડીનાર	છારા ગાંગેથા રોડ
૧૮	વેરાવળ	મોરાજ ગામથી ભેરાળા ગામને જોડતો રસ્તો
૧૯	વેરાવળ	ચાંડુવાવ વાવડી રોડ
૨૦	વેરાવળ	બાયપાસ (જિલ્લા ભાજપ કાર્યાલય) થી ભાલપરા – ગોવિંદપરા ને જોડતો રસ્તો
૨૧	વેરાવળ	ભાલપરા પાટીયા થી સવની ચાંદૂખેતાલ રોડને જોડતો રસ્તો
૨૨	સુત્રાપાડા	ઉંબરી થી વાવડી થઈને બાવાની વાવને જોડતો રસ્તો
૨૩	સુત્રાપાડા	સુત્રાપાડાથી બીજ ગામને જોડતો રસ્તો
૨૪	સુત્રાપાડા	આલીદ્રા પ્રાંચી (ઘંટીયા) ગામને જોડતો રસ્તો

જૂનાગઢ

ક્રમ	તાલુકો	રસ્તાનું નામ
૧	કેશોદ	ખમીદાણા થી ઈસરા રોડ
૨	કેશોદ	ખમીદાણા નુનારડા રોડ
૩	જૂનાગઢ	માખીયાળા વઘાવી રોડ
૪	જૂનાગઢ	મજેવડી પત્રાપસર રોડ (સોનાપરી પાસે)
૫	જૂનાગઢ	નેશનલ હાઈવેથી સરગવાડા રોડ
૬	જૂનાગઢ	આંબલીયા રવની રોડ
૭	જૂનાગઢ	ગોલાધર વાડાસીમડી રોડ
૮	જૂનાગઢ	ખલીલપુર ગલીયાવાડ રોડ
૯	ભેસાણ	પરબ વાવડી એપ્રોચ રોડ
૧૦	ભેસાણ	માંડવા ખંભાળીયા રોડ
૧૧	માંગરોળ	મીતીથી ભાથરોટ વાયા ખોડીયાર મંદિર
૧૨	માણાવદર	જીલાણા શેરડી રોડ,
૧૩	માણાવદર	દેશીંગા ચીખલોદ્રા રોડ
૧૪	માણાવદર	બાંટવા સીતાણા રોડ
૧૫	માળીયા	માતરવાણીયા કૃષ્ણનગર (શેરગઢ) રોડ
૧૬	માળીયા	કડાયા (ગીર) થી પાણકવા રોડ
૧૭	માળીયા	જુથળ પાણીધ્રા રોડ
૧૮	માળીયા	બુધેચા કુકસવાડા રોડ (વાયા સાતમાર્ગ ઘોરીવાવ રોડ)
૧૯	માળીયા	ખેરા ગામથી વાયા સીમશાળા ભંડુરી રોડ

ક્રમ	તાલુકો	રસ્તાનું નામ
૨૦	માળીયા	ભાખરવડ માતરવાણીયા રોડ
૨૧	માળીયા હાટીના	ઘરમપુર ચંદ્રનગર (નવા વાંદરવડ) રોડ, ચે. ૦/૩૦ થી ૨/૫૦
૨૨	માળીયા હાટીના	અકાળા (વિરડી) થી કેરાળા રોડ
૨૩	માળીયા હાટીના	વિરડી તરશીંગડા રોડ (વાયા શ્રી દર્શનમ)
૨૪	માળીયા હાટીના	મોટી ઘણેજ આંબેચા રોડ
૨૫	મેંદરડા	નતાડીયા ઈંટાળી રોડ
૨૬	મેંદરડા	દાત્રાણા નાગલપુર રોડ
૨૭	વંથલી	વંથલી સાંતલપુર રોડ
૨૮	વિસાવદર	ભલગામ રફાળા રોડ
૨૯	વિસાવદર	કાનાવડલા જાંબુડા રોડ
૩૦	વિસાવદર	સતાધાર મુની આશ્રમ રોડ
૩૧	વિસાવદર	ભટવાવડી સુડાવડ રોડ

આણંદ, પોરબંદર અને દેવભૂમિ દ્વારકા જિલ્લામાં સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાઓ બાબત

અતારાંકિતઃ ૧૯૧૧ (૦૧–૧૦–૨૦૨૫) **શ્રી અમિતભાઈ ચાવડા**: (આંકલાવ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં આણંદ, પોરબંદર અને દેવભૂમિ જિલ્લામાં શહેર અને તાલુકાવાર માર્ગ–મકાન વિભાગના સ્ટેટ અને પંચાયત હસ્તકના કયા કયા નવા રસ્તાઓ બનાવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાઓ પૈકી કેટલા રસ્તાઓ તૂટી ગયેલ અવસ્થામાં છે,

(૩) ઉક્ત તૂટી ગયેલ રસ્તાઓ માટે કેટલા કોન્ટ્રાક્ટર કે એજન્સી સામે શા પગલા લેવામાં આવ્યા, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના કેટલા અધિકારીઓ સામે કામના સ્થળે ગુણવત્તા ચકાસણીમાં બેદરકારી રાખવા બદલ શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) **:** (૦૯–૦૨–૨૦૨૬)

(૧) પરિશિષ્ટ મુજબ.

(૨) ઉક્ત સ્થિતિએ એકપણ રસ્તો તૂટી ગયેલ અવસ્થામાં નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

અરવલ્લી, દાહોદ અને મહિસાગર જિલ્લામાં સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાઓ બાબત

અતારાંકિતઃ ૧૯૧૨ (૦૧–૧૦–૨૦૨૫) **શ્રી ગુલાબસિંહ ચૌહાણ**: (લુણાવાડા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧–૦૮–૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અરવલ્લી, દાહોદ અને મહિસાગર જિલ્લામાં શહેર અને તાલુકાવાર માર્ગ–મકાન વિભાગના સ્ટેટ અને પંચાયત હસ્તકના કયા કયા નવા રસ્તાઓ બનાવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાઓ પૈકી કેટલા રસ્તાઓ તૂટી ગયેલ અવસ્થામાં છે,

(૩) ઉક્ત તૂટી ગયેલ રસ્તાઓ માટે કેટલા કોન્ટ્રાક્ટર કે એજન્સી સામે શા પગલા લેવામાં આવ્યા, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના કેટલા અધિકારીઓ સામે કામના સ્થળે ગુણવત્તા ચકાસણીમાં બેદરકારી રાખવા બદલ શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) **:** (૦૯–૦૨–૨૦૨૬)

(૧) પરિશિષ્ટ મુજબ.

(૨) ઉક્ત સ્થિતિએ એકપણ રસ્તો તૂટી ગયેલ અવસ્થામાં નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(*પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

નવસારી અને વલસાડ જિલ્લામાં સ્ટેટ અને પંચાયત હસ્તકના રસ્તાઓ બાબત

અતારાંકિતઃ ૧૯૧૩ (૦૧-૧૦-૨૦૨૫) **શ્રી અનંતકુમાર પટેલ** : (વાંસદા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૮/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં નવસારી અને વલસાડ જિલ્લામાં શહેર અને તાલુકાવાર માર્ગ-મકાન વિભાગના સ્ટેટ અને પંચાયત હસ્તકના કયા કયા નવા રસ્તાઓ બનાવવામાં આવ્યા,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાઓ પૈકી કેટલા રસ્તાઓ તૂટી ગયેલ અવસ્થામાં છે,

(૩) ઉક્ત તુટી ગયેલ રસ્તાઓ માટે કેટલા કોન્ટ્રાક્ટર કે એજન્સી સામે શા પગલા લેવામાં આવ્યા, અને

(૪) ઉક્ત સ્થિતિએ ઉક્ત જિલ્લાના કેટલા અધિકારીઓ સામે કામના સ્થળે ગુણવત્તા ચકાસણીમાં બેદરકારી રાખવા બદલ શા પગલાં લેવામાં આવ્યા ?

મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) **:** (૧૦-૦૨-૨૦૨૬)

(૧) પરિશિષ્ટ-અ મુજબ

(૨) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૩) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(૪) પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

(* પરિશિષ્ટ સચિવશ્રીની કચેરીમાં રાખવામાં આવેલ છે.)

જૂનાગઢ જિલ્લામાં રોડ-રસ્તા તૂટી જવા બાબત

અતારાંકિતઃ ૧૯૨૭ (૦૬-૧૦-૨૦૨૫) **શ્રી ગોપાલભાઈ ઈટાલીયા** : (વિસાવદર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૦૮/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં માર્ગ-મકાન વિભાગ હસ્તકના જૂનાગઢ જિલ્લામાં કુલ કેટલા અને કયા પ્રકારના રોડ/રસ્તા વરસાદમાં તૂટી ગયેલ છે,

(૨) ઉક્ત સ્થિતિએ ઉક્ત રસ્તાઓ પૈકી કેટલા રોડ/રસ્તા ગેરંટી પીરીયડ દરમ્યાન તૂટી ગયેલ છે, અને

(૩) ગેરંટી પીરીયડમાં તૂટી ગયેલ રોડ/રસ્તા માટે જવાબદારો સામે શી કાર્યવાહી કરવામાં આવી ?

મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) **:** (૦૯-૦૨-૨૦૨૬)

(૧) તા.૩૧/૦૮/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા એક વર્ષમાં વિભાગ હસ્તકના જૂનાગઢ જિલ્લાના કુલ ૬૩(ત્રેસઠ) ડામર રોડ/રસ્તા વરસાદમાં તૂટી ગયેલ છે.

(૨) ૧૨ (બાર) રસ્તા

(૩) તૂટી ગયેલ રોડ/રસ્તા માટે સંબંધિત ઈજારદારશ્રીની ડિપોઝીટ જપ્ત કરી કરારખતની જોગવાઈ મુજબ કરવાની થતી કાર્યવાહી હાથ ધરવામાં આવેલ છે.

વઢવાણ તાલુકામાં આવેલ રસ્તાની મરામત કરવા બાબત

અતારાંકિતઃ ૧૯૭૩ (૧૬-૧૨-૨૦૨૫) **શ્રી ઈમરાન ખેડાવાલા**: (જમાલપુર-ખાડીયા): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (માર્ગ અને મકાન) જણાવવા કૃપા કરશે કે.-

અતારાંકિત પ્રશ્નોની યાદી (પહેલી અને બીજી)

(૧) તા.૩૧/૧૦/૨૦૨૫ની સ્થિતિએ સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના વઢવાણ–માળોદ–ખોલડીયાદ–રામપરા–કુલગ્રામનો રસ્તો ખરાબ હાલતમાં છે તે હકીકતથી સરકાર વાકેફ છે કે કેમ,

(૨) જો હા, તો ઉક્ત ખરાબ રસ્તાને મરામત કરવા શી કાર્યવાહી હાથ ધરેલ છે, અને

(૩) ઉક્ત રસ્તાની મરામતી કામગીરી બાબતે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કેટલા ખર્ચે શી કામગીરી કરવામાં આવી છે ?

મુખ્યમંત્રીશ્રી (માર્ગ અને મકાન) **:** (૦૯–૦૨–૨૦૨૬)

(૧) હા જી,

(૨) ઉક્ત સ્થિતિએ રસ્તાને જરૂરી મરામત કરી વાહન વ્યવહાર યોગ્ય કરવામાં આવેલ છે.

(૩) ઉક્ત રસ્તાની જરૂરી મરામત માટે (પેવર પટ્ટા + પેચવર્ક) થયેલ ખર્ચની વિગત નીચે મુજબ

તા.૦૧/૧૧/૨૦૨૩ થી તા.૩૧/૧૦/૨૦૨૪ સુધી	૩.૪૬.૫૫ લાખ
તા.૦૧/૧૧/૨૦૨૪ થી તા.૩૧/૧૦/૨૦૨૫ સુધી	૩.૦.૦૦
કુલ ખર્ચ	**૩.૪૬.૫૫ લાખ**

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને તાબા હેઠળની કચેરીઓમાં વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક

અતારાંકિતઃ ૧૭૩૨ (૦૫–૦૭–૨૦૨૫) **શ્રી જીજ્ઞેશ મેવાણી**: (વડગામ): **માનનીય સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી** જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૫/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ અને તેના તાબાની કચેરીઓમાં વિભાગ અને કચેરીવાર કેટલા અધિકારી/કર્મચારીઓ વય નિવૃત્ત થયા,

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલા અધિકારી/કર્મચારીઓને વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક કે એક્સટેન્શન આપવામાં આવ્યું, અને

(૩) તે પૈકી કુલ કેટલા અધિકારી/કર્મચારીઓ ૬૨ વર્ષ કરતા વધુ વય ધરાવે છે ?

સામાજિક ન્યાય અને અધિકારીતા મંત્રીશ્રી : (૧૨–૧૨–૨૦૨૫)

(૧)

ક્રમ	કચેરી/પ્રભાગનું નામ	સમયગાળો			વયનિવૃત્ત થયેલ અધિકારી/કર્મચારીઓની સંખ્યા (કુલ)
		૦૧/૦૬/૨૨ થી ૩૧/૫/૨૩	૦૧/૦૬/૨૩ થી ૩૧/૫/૨૪	૦૧/૦૬/૨૪ થી ૩૧/૫/૨૫	
૧	સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ (ખુદ)	૦૩	૦૫	૦૩	૧૧
૨	અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ (અ.જા.ક.)	૪૫	૩૬	૪૦	૧૨૧
૩	વિકસતિ જાતિ કલ્યાણ પ્રભાગ (વિ.જા.ક.)	૧૭	૨૦	૧૯	૫૬
૪	સમાજ સુરક્ષા પ્રભાગ (સ.સુ.)	૧૬	૧૭	૦૬	૩૯
	કુલ	**૮૧**	**૭૮**	**૬૮**	**૨૨૭**

(૨)

ક્રમ	સમયગાળો	વયનિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક કે એક્સટેન્શન આપેલ અધિકારી/કર્મચારીઓની સંખ્યા
૧	૦૧/૦૬/૨૦૨૨ થી ૩૧/૦૫/૨૦૨૩	૦૩
૨	૦૧/૦૬/૨૦૨૩ થી ૩૧/૦૫/૨૦૨૪	૦૪

૩	૦૧/૦૬/૨૦૨૪ થી ૩૧/૦૫/૨૦૨૫	૦૬
	કુલ	**૧૩**

(૩)

ક્રમ	**સમયગાળો**	**તે પૈકી ૬૨ વર્ષ કરતા વધુ વય ધરાવતા અધિકારી/કર્મચારીઓની સંખ્યા**
૧	૦૧/૦૬/૨૦૨૨ થી ૩૧/૦૫/૨૦૨૩	૦૧
૨	૦૧/૦૬/૨૦૨૩ થી ૩૧/૦૫/૨૦૨૪	૦૧
૩	૦૧/૦૬/૨૦૨૪ થી ૩૧/૦૫/૨૦૨૫	૦૧
	કુલ	**૦૩**

મ્યુનિસિપલ કોર્પોરેશન અને મ્યુનિસિપાલટીઓમાં મેનહોલ સફાઈના સાધનો વસાવવા નાણાકીય સહાય

અતારાંકિતઃ ૧૫૬૭ (૦૧-૦૧-૨૦૨૪) **શ્રી જીગ્નેશ મેવાણી** : (વડગામ): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) નામદાર ગુજરાત હાઇકોર્ટમાં કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડલ, મેનહોલ કામદાર યુનિયન અને લોક અધિકાર સંઘ વિ.સ્ટેટ ઓફ ગુજરાતના કેસમાં તમામ મ્યુનિસિપલ કોર્પોરેશન અને મ્યુનિસિપાલીટીઓએ મેનહોલ સફાઈના આધુનિક સાધનો વસાવવા તેમજ આવી મશીનરી ખરીદવા જરૂરી લોન આપવા માટે પણ આદેશ આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે,

(૨) જો હા, તો તા.૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ કયા મ્યુનિસિપલ કોર્પોરેશન અને મ્યુનિસિપાલીટી પાસે મેનહોલ સફાઈના આધુનિક સાધનો ઉપલબ્ધ નથી, અને

(૩) બાકી રહેલ મ્યુનિસિપલ કોર્પોરેશન અને મ્યુનિસિપાલીટીને આવા સાધનો ખરીદવા જરૂરી નાણાકીય સહાય આપવા શી કામગીરી હાથ ધરવામાં આવી છે ?

મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ) **:** (૨૨-૧૨-૨૦૨૫)

(૧) હા

(૨) તા.૩૧/૧૦/૨૦૨૩ની સ્થિતિએ નખત્રાણા, ઉપલેટા અને ઓખા નગરપાલિકા પાસે ભૂગર્ભ ગટરના સાધનો ઉપલબ્ધ નથી.

(૩) નખત્રાણા અને ઉપલેટા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના પ્રગતિ હેઠળ છે. ભૂગર્ભ ગટરની કામગીરી પૂર્ણ થયેથી મેનહોલ સફાઈના સાધનો વસાવવામાં આવશે. ઓખા નગરપાલિકામાં ભૂગર્ભ ગટર યોજના, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ હસ્તક હોઈ, ઓખા નગરપાલિકા ભૂગર્ભ ગટર યોજના સંભાળ્યેથી મેનહોલ સફાઈના સાધનો વસાવવામાં આવશે.

અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત કરેલ ખર્ચ

અતારાંકિતઃ ૧૯૪૭ (૧૮-૧૧-૨૦૨૫) **શ્રી સુધીરભાઈ વાઘાણી**: (ગારીયાધાર): **માનનીય મુખ્યમંત્રીશ્રી** (શહેરી વિકાસ) જણાવવા કૃપા કરશે કે.-

(૧) તા.૩૧/૧૦/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત સરકારે કયા હેતુઓ માટે કેટલો ખર્ચ કર્યો, અને

(૨) ઉક્ત સ્થિતિએ મેટ્રો સંચાલનથી સરકારને કુલ કટેલી આવક થઈ ?

મુખ્યમંત્રીશ્રી (શહેરી વિકાસ): (૩૧-૧૨-૨૦૨૫)

(૧) તા.૩૧/૧૦/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટ અંતર્ગત સરકારે મેટ્રો રેલના અમલીકરણ, સંચાલન અને જાળવણી માટે રૂ.૧૮૬૮.૬૫ કરોડનો ખર્ચ કરેલ છે.

(૨) ઉક્ત સ્થિતિએ મેટ્રો સંચાલનથી સરકારને કુલ રૂ.૧૩૩.૩૯ કરોડ આવક થઈ છે.

રમત–ગમત અને યુવા સેવા પ્રભાગમાં વય નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક

અતારાંકિતઃ ૧૭૮૫ (૧૯–૦૭–૨૦૨૫) **શ્રી ઈમરાન ખેડાવાલા**: (જમાલપુર–ખાડીયા): **માનનીય રમત ગમત અને યુવક સેવા મંત્રીશ્રી** (રાજ્યકક્ષા) જણાવવા કૃપા કરશે કે.–

(૧) તા.૩૧/૦૩/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રમત ગમત અને યુવા સેવા પ્રભાગ અને તાબાની કચેરીઓમાં વિભાગ અને કચેરીવાર કેટલા અધિકારી/કર્મચારીઓ નિવૃત્ત થયા.

(૨) ઉક્ત સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર કેટલા અધિકારી/કર્મચારીઓની વય નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક કે એકસટેશન આપવામાં આવ્યું, અને

(૩તે પૈકી ઉક્ત સ્થિતિએ કુલ કેટલા અધિકારી/કર્મચારીઓ છે જે બાસઠ (૬૨) વર્ષ કરતા વધુ વય ધરાવે છે ?

રમત ગમત અને યુવક સેવા મંત્રીશ્રી (રાજ્યકક્ષા) **:** (૧૧–૧૨–૨૦૨૫)

(૧), (૨)અને (૩) પત્રક–અ સામેલ રાખેલ છે.

પત્રક–અ

કોલમ–(૧)	કોલમ–(૨)	કોલમ–(૩)	કોલમ–(૪)	કોલમ–(૫)
ક્રમ	વર્ષ	તા.૩૧/૦૩/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર રમત ગમત અને યુવા સેવા પ્રભાગ અને તાબાની કચેરીઓમાં વિભાગ અને કચેરીવાર નિવૃત્ત થયેલ અધિકારી/કર્મચારીઓની સંખ્યાની વિગત	તા.૩૧/૦૩/૨૦૨૫ની સ્થિતિએ છેલ્લા ત્રણ વર્ષમાં વર્ષવાર અધિકારી/ કર્મચારીઓની વય નિવૃત્તિ બાદ કરાર આધારિત નિમણૂક કે એકસટેશન આપેલ અધિકારી/ કર્મચારીઓની સંખ્યાની વિગત	તા.૩૧/૦૩/૨૦૨૫ની સ્થિતિએ કોલમ–(૪)માં જણાવેલ અધિકારી/કર્મચારીઓ પૈકી બાસઠ (૬૨) વર્ષ કરતાં વધુ વય ધરાવતાં અધિકારી/કર્મચારીઓની સંખ્યાની વિગત
રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ (પ્રોપર)				
૧	૨૦૨૨–૨૩	૦૦	૦૦	૦૦
૨	૨૦૨૩–૨૪	૦૦	૦૦	૦૦
૩	૨૦૨૪–૨૫	૦૦	૦૦	૦૦
કમિશનર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી (તાબાની કચેરી)				
૧	૨૦૨૨–૨૩	૧૫	૦૧	૦૦
૨	૨૦૨૩–૨૪	૧૧	૦૧	૦૦
૩	૨૦૨૪–૨૫	૦૪	૦૦	૦૦
સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ગુજરાત (તાબાની કચેરી)				
૧	૨૦૨૨–૨૩	૦૦	૦૦	૦૦
૨	૨૦૨૩–૨૪	૦૦	૦૦	૦૦
૩	૨૦૨૪–૨૫	૦૧	૦૦	૦૦
સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સિટી (તાબાની કચેરી)				
૧	૨૦૨૨–૨૩	૦૦	૦૦	૦૦
૨	૨૦૨૩–૨૪	૦૦	૦૦	૦૦
૩	૨૦૨૪–૨૫	૦૦	૦૦	૦૦

અતારાંકિત ચાદીમાં સમાવેલા પ્રશ્નો અને તેના જવાબો

ક્રમ	વિભાગનું નામ	પ્રશ્ન ક્રમાંક	કુલ
૨	કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ	૧૭૯૧, ૧૯૨૮	૦૨
૩	શિક્ષણ વિભાગ	૧૭૧૨, ૧૯૩૫	૦૨
૫	અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતો વિભાગ	૧૮૬૭, ૧૮૭૪, ૧૯૪૮, ૧૯૪૯, ૧૯૫૦, ૧૯૫૧, ૧૯૫૨, ૧૯૫૩, ૧૯૫૪, ૧૯૫૫, ૧૯૫૬, ૧૯૫૭, ૧૯૫૮	૧૩
૬	વન અને પર્યાવરણ વિભાગ	૧૮૪૨, ૧૮૪૬, ૧૮૪૮, ૧૮૫૦, ૧૮૫૨, ૧૮૫૮, ૧૮૬૦, ૧૮૬૨, ૧૮૯૪	૦૯
૧૨	કાયદા વિભાગ	૭૩૮	૦૧
૧૫	મહેસૂલ વિભાગ	૧૪૮૧, ૧૪૯૦, ૧૪૯૯, ૧૫૦૮, ૧૭૩૬, ૧૮૧૩	૦૬
૧૬	માર્ગ અને મકાન વિભાગ	૧૯૦૨, ૧૯૦૩, ૧૯૦૪, ૧૯૦૫, ૧૯૦૬, ૧૯૦૭, ૧૯૦૮, ૧૯૧૦, ૧૯૧૧, ૧૯૧૨, ૧૯૧૩, ૧૯૨૭, ૧૯૭૩	૧૩
૧૭	સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ	૧૭૩૨	૦૧
૧૮	શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ	૧૫૬૭, ૧૯૪૭	૦૨
૧૯	રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ	૧૭૮૫	૦૧
		કુલ	**૫૦**

શોકદર્શક ઉલ્લેખ

પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઉદેસિંહ મોહનભાઇ બારિયાના અવસાન અંગે

શ્રી ભૂપેન્દ્રભાઇ ૨. પટેલ (સભાગૃહના નેતાશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાતના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રીશ્રી ઉદેસિંહ મોહનભાઇ બારિયાનું તા. ૨૨મી માર્ચ ૨૦૨૬ના રોજ ૭૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયેલ છે. સ્વ.શ્રી બારિયાનો જન્મ ૧૭મી મે, ૧૯૫૨ના રોજ પંચમહાલ જિલ્લાના જાંબુઘોડા તાલુકાના ડુમા મુકામે થયો હતો. તેઓશ્રીએ બી.એસ.સી., એલ.એલ.બી. સુધીનો અભ્યાસ કર્યો હતો અને તેઓશ્રી ખેતી અને વકીલાતના વ્યવસાય સાથે જોડાયેલા હતા. સ્વ.શ્રી બારિયાએ સતત ૬ઠ્ઠી થી ૧૦મી ગુજરાત વિધાનસભા દરમિયાન હાલોલ મતવિસ્તારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓશ્રીએ તા. ૧૧મી માર્ચ ૧૯૮૫ થી ૬ઠ્ઠી જુલાઇ ૧૯૮૫ દરમિયાન યુવક સેવા અને સાંસ્કૃત્તિક બાબતોના વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી તરીકે તેમજ તા. ૨૨મી એપ્રિલ, ૧૯૯૪થી તા. ૨૨મી માર્ચ, ૧૯૯૫ દરમિયાન કાયદો, ન્યાયતંત્ર, ગ્રામ વિકાસ અને ગ્રામ ગૃહ નિર્માણ વિભાગના રાજ્ય કક્ષાના મંત્રી તરીકેનું મહત્ત્વનું યોગદાન આપેલ હતું. તેઓશ્રીના અવસાનથી રાજ્યએ એક લોકપ્રિય સામાજિક કાર્યકર ગુમાવ્યા છે. પ્રભુ સદગતના આત્માને શાશ્વત શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રી મારફત તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

ડૉ. તુષાર અ. ચૌધરી(ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, શ્રી ઉદેસિંહ બારિયા કોંગ્રેસ પક્ષમાંથી વર્ષ ૧૯૮૦ થી ૨૦૦૫ સતત પાંચ વાર હાલોલ મતવિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે ચૂંટાયા હતા. તેઓ જ્યારે પહેલીવાર વર્ષ ૧૯૮૦માં ધારાસભ્ય બન્યા ત્યારે તેમની ઉમર માત્ર ૨૭ વર્ષની હતી. ૨૭ વર્ષની ઉમરે ધારાસભ્ય બન્યા એ વખતે જૂનો પંચમહાલ જિલ્લો હતો એમાં એક યુવા નેતા અને એક યુવા લડાયક નેતા તરીકે ઉભરી આવ્યા હતા. એના કારણે સતત પાંચ વાર એ વિધાનસભામાંથી જીત્યા હતા. ખાસ કરીને બક્ષીપંચ સમાજના લોકો માટે એ હંમેશા લડાયક રહ્યા હતા. મારા પિતાશ્રી મુખ્યમંત્રી હતા ત્યારે એમની સરકારમાં રાજ્ય કક્ષાના મંત્રી તરીકે કામ કર્યું હતું અને હંમેશા લોકો માટે ઝઝૂમતા હતા. હમણાં થોડા વખત પહેલા મળવાનું થયું ત્યારે જાંબુઘોડામાં મનરેગામાં કૌભાંડ થયું હતું એના માટે તેઓ સતત લડતા હતા. એવા સ્વ.શ્રી ઉદેસિંહભાઇ બારિયાનું માંદગીના કારણે ૭૩ વર્ષની વયે દુઃખદ અવસાન થયું છે ત્યારે એમને હાર્દિક શ્રદ્ધાંજલિ પાઠવું છું અને આપને પણ વિનંતી કરું છું કે આપના મારફત એમના કુટુંબીજનોને શોકદર્શક ઠરાવ મોકલીએ.

શ્રી ઘવલસિંહ ન. ઝાલા(અપક્ષ) : માનનીય અધ્યક્ષશ્રી, મને જણાવતાં દુઃખ થાય છે કે ગુજરાત રાજ્યના રાજ્યકક્ષાના પૂર્વ મંત્રી અને પૂર્વ ધારાસભ્ય સ્વ.શ્રી ઉદેસિંહ મોહનભાઇ બારિયાના અવસાન અંગે આ ગૃહમાં શોક વ્યક્ત કરવા હું ઊભો થયો છું.

સ્વ.શ્રી ઉદેસિંહજીનું ૭૩ વર્ષની વયે અવસાન થયું. જનસેવામાં એમણે પોતાનું સમગ્ર જીવન અર્પણ કર્યું હતું. તેઓ એક પ્રતિબદ્ધ નેતા, સાદગીભર્યું વ્યક્તિત્વ, લોકહિત માટે સતત કાર્યરત રહેનાર જનપ્રતિનિધિ હતા. તેમણે તેમના કાર્યકાળ દરમિયાન વિસ્તારના વિકાસ અને સામાન્ય જનતાના પ્રશ્નોના નિરાકરણ માટે નોંધપાત્ર યોગદાન આપેલ હતું. તેમનો વહેવાર સૌમ્ય, વલણ સહકારપૂર્ણ અને સમાજ પ્રત્યેની લાગણી ખૂબ જ ઊંડાણભરી હતી. તેમની સેવાઓ અને સંસ્કાર હંમેશા આપણા માટે પ્રેરણારૂપ રહેશે. આજે આપણે એક અનુભવી અને લોકપ્રિય નેતા ગુમાવ્યા છે. જેની ખોટ ક્યારેય પૂર્ણ થઇ શકશે નહીં. તેઓશ્રી મારા પિતાશ્રીના મિત્ર હતા અને જ્યારે આ ગૃહમાં અને જ્યારે પણ એમની વાત થતી ત્યારે મારા પિતાશ્રી

પણ એમ કહેતા કે કંઇક શીખવું હોય તો એમના આશીર્વાદ લઇને કંઇક શીખજે. મારા પિતાશ્રીના પરમ મિત્ર હતા. જ્યારે આ ગૃહમાં અને જ્યારે પણ એમની સાથે વાત થતી હતી ત્યારે મારા પિતાશ્રી પણ એમ કહેતા હતા. જેઓ આજે આપણી વચ્ચે રહ્યા નથી. હું આ ગૃહ વતી પરમાત્માને પ્રાર્થના કરું છું કે તેમના આત્માને શાંતિ આપે અને તેમના પરિવારજનોને આ દુ:ખ સહન કરવાની શક્તિ આપે.

શ્રી અમિત ચાવડા (ભા.રા.કો.) : માનનીય અધ્યક્ષશ્રી, આ ગૃહના પૂર્વ સભ્ય અને ગુજરાતના પૂર્વ રાજ્ય કક્ષાના મંત્રીશ્રી ઉદેસિંહભાઇ મોહનભાઇ બારિયાનું ૭૩ વર્ષની જૈફ વયે દુ:ખદ અવસાન થયું છે એમને શ્રદ્ધાંજલિ પાઠવું છું.

પંચમહાલનો જાંબુઘોડા વિસ્તાર એટલે પછાત વિસ્તાર કહેવાય અને એમાં પણ સામાન્ય ખેડૂત પરિવારમાં જન્મેલા એ યુવાને બી.એસ.સી., એલ.એલ.બી. સુધી અભ્યાસ કર્યો અને વકીલાતના વ્યવસાય સાથે પણ સંકળાયા હતા. અહીંયા વાત થઇ કે ખૂબ નાની વયે જાહેર જીવનમાં આવીને એક વિચારધારા સાથે કામ કર્યું. સતત પાંચ વખત સુધી ધારાસભ્ય તરીકે ત્યાંના લોકોએ એમને પ્રતિનિધિ બનાવ્યા. રાજ્ય સરકારમાં પણ મંત્રીશ્રીની જવાબદારી અને કાર્યકાળ રહ્યો. આખા કાર્યકાળ દરમ્યાન આખા ગુજરાતમાં જ્યાં પણ ગરીબ કે પછાતની વાત હોય કે પીડિતની વાત હોય એમનો નિર્ભયતાથી અવાજ બનવાનું કામ ઉદેસિંહભાઇએ એમના કાર્યકાળ દરમ્યાન કર્યું. હમણાં છેલ્લા સમયમાં જ્યારે જ્યારે મળવાનું થયું ત્યારે તબિયત એમની સારી ન હતી. શરીર સાથ આપતું ન હતું. તેમ છતાં પણ મનરેગાનો ભ્રષ્ટાચાર હોય કે ત્યાંના લોકોના પ્રશ્નો હોય તેની સામે એમને ધમકીઓ મળતી હતી તેમ છતાં ડર્યા અને ડગ્યા વગર હંમેશાં પ્રજાના માટે લડતા રહ્યા. અમારી હમણાં જનઆક્રોશ યાત્રા દરમ્યાન પણ ત્યાં કાર્યક્રમમાં લોકોને સાથે જોડીને જે મુદ્દાઓ માટે લડવાનું છે, જે ત્યાંના પ્રશ્નો છે એની રજૂઆતો છેલ્લા સમય સુધી કરતા રહ્યા. આજે એ આપણી વચ્ચે નથી ત્યારે અત્યંત દુ:ખની લાગણી અનુભવીએ છીએ. કોંગ્રેસ પાર્ટીએ પણ એક સંનિષ્ઠ લોકસેવક ગુમાવ્યો છે. સાથેસાથે જાહેર જીવનમાં અને ખાસ કરીને મધ્ય ગુજરાતમાં બક્ષીપંચ સમાજના પછાત વર્ગના લોકોએ એમનો એક અવાજ ગુમાવ્યાનું આજે દુ:ખ છે. પરમકૃપાળુ પરમાત્મા એમના દિવ્ય આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના કરું છું અને આપશ્રીના મારફતે એમના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ એવી વિનંતી કરું છું.

શ્રી જયદ્રથસિંહજી ચં.પરમાર (ભા.જ.પ.) : માનનીય અધ્યક્ષશ્રી, આ સન્માનનીય સભાગૃહના નેતાશ્રી અને આદરણી મુખ્યમંત્રીશ્રી જે શોકદર્શક ઉલ્લેખ આ સન્માનનીય સભાગૃહમાં લઇને આવ્યાં છે જેને કોંગ્રેસ પક્ષના
નેતાએ પણ સમર્થન કર્યું છે. ગુજરાતના રાજ્ય કક્ષાના પૂર્વ મંત્રીશ્રી ઉદેસિંહભાઇ મોહનભાઇ બારિયા જેઓનું તા.૨૨મી માર્ચ ૨૦૨૬ના રોજ લગભગ ૭૩ વર્ષની વયે દુ:ખદ અવસાન થયું છે. આ સન્માનનીય સભાગૃહમાં તેઓ હાલોલ વિધાનસભા મત–વિસ્તારના પ્રતિનિધિ તરીકે કામ કરતા હતા. તેઓએ વર્ષ ૧૯૮૦થી લઇને વર્ષ ૨૦૦૨ સુધી આ સન્માનનીય સભાગૃહમાં પ્રતિનિધિત્વ કર્યું છે. જેમ અહીંયા વાત થઇ કે યુવાન વયે એમના એ વિસ્તારની અંદર અભ્યાસ પણ સારો હતો. વકીલાત તરીકે તેઓ ત્યાં પ્રેક્ટિસ કરતા હતા ત્યારે મને યાદ છે કે સન્માનનીય દેવગઢ બારિયાના સ્વ.રાજવી જયદીપસિંહજી બારિયા સાહેબના ધ્યાનમાં આવ્યું કે એક ભણેલો યુવાન છે અને એમને એ વિસ્તારમાં ઉમેદવારી કરવાની તક આપી. સ્વ.જયદીપસિંહજી બારિયા સાહેબ અને પૂર્વ મુખ્યમંત્રીશ્રી સ્વ.માધવસિંહભાઇ બંનેના સહકારથી તેમણે ઉમેદવારી કરી અને લગભગ વર્ષ ૨૦૦૨ સુધી હાલોલ વિધાનસભા મતવિસ્તારમાં એમણે પ્રતિનિધિત્વ કર્યું. તેઓના અવસાનથી પંચમહાલ જિલ્લાએ ખૂબ સંનિષ્ઠ કાર્યકર્તા ગુમાવ્યો છે. જ્યારે આપણા રાજ્યની અંદર આદરણીય નરેન્દ્રભાઇ મોદી સાહેબ મુખ્યમંત્રી હતા અને જે રીતે ગુજરાત રાજ્યનો વિકાસ થયો એ વિકાસને ધ્યાનમાં રાખીને માનનીય નરેન્દ્રભાઇ મોદી સાહેબના નેતૃત્વ હેઠળ સ્વ.ઉદેસિંહભાઇ બારિયા ભારતીય જનતા પાર્ટીમાં પણ જોડાયા હતા. ભારતીય જનતા પાર્ટીમાં પણ એમને કામ કર્યું છે અને નરેન્દ્રભાઇ મોદી સાહેબમાં તેમને સંપૂર્ણ વિશ્વાસ હતો એટલે ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તા તરીકે પણ તેઓ રહ્યા છે. છેલ્લા એક માસથી તેમની તબિયત નાદુરસ્ત હતી અને વડોદરા ખાતે હોસ્પિટલમાં તેઓને દાખલ કરવામાં આવ્યા હતા. આજે ઘણા દુ:ખ સાથે કહેવાય કે તેઓ આપણા સૌની વચ્ચે રહ્યા નથી. જે તેમણે ખૂબ સુંદર કામગીરી પંચમહાલની અંદર પણ કરી છે. પ્રભુ સદગતના આત્માને શાંતિ અર્પે તેવી આપણે સૌ પ્રાર્થના કરીએ અને આપશ્રીના મારફતે તેઓશ્રીના કુટુંબીજનોને દિલસોજીનો સંદેશો પાઠવીએ.

અધ્યક્ષશ્રી : સભાગૃહના સન્માનીય નેતાશ્રી અને માનનીય મુખ્યમંત્રીશ્રી જેઓશ્રી ગુજરાત રાજ્યના પૂર્વ રાજ્યકક્ષાના મંત્રી સ્વર્ગસ્થ ઉદેસિંહ બારીયાના અવસાન અંગેનો જે શોક પ્રસ્તાવ લઇને આવ્યા છે, જેને આ ગૃહના સભ્ય માનનીય કોંગ્રેસ પક્ષના નેતા ડૉ.તુષારભાઇ ચૌધરી, માનનીય ઘવલસિંહભાઇ ઝાલા, માનનીય અમીતભાઇ ચાવડા, માનનીય જયદ્રથસિંહભાઇ પરમારે તેની અંદર સૂર પૂરાવ્યો છે અને અનુમોદન આપ્યું છે ત્યારે હું પણ તેમાં મારું અનુમોદન આપું છું.

સ્વર્ગસ્થશ્રી ઉદેસિંહભાઇ બારીયાનું તા. ૨૨–૩–૨૦૨૬ના રોજ દુ:ખદ અવસાન થયેલ. સ્વર્ગસ્થ ઉદેસિંહભાઇ બારીયા તેમના વિસ્તારમાં ખૂબ લોકપ્રિયતા ધરાવતા નેતા હતા. તેઓશ્રી ગુજરાત વિધાનસભામાં હાલોલ મતવિસ્તારનું સતત પાંચ ટર્મ સુધી પ્રતિનિધિત્વ કર્યું હતું. તેઓ એડવોકેટ પણ હતા અને સાથે સાથે સહકારી પ્રવૃત્તિઓ સાથે પણ જોડાયેલાં હતા. તેઓશ્રીના અવસાનથી રાજયે એક આદર્શ સમાજ સેવક અને લોકપ્રિય કાર્યકર્તા ગુમાવ્યા છે. જેમનો જન્મ થાય છે તેમનું મૃત્યું તો નિશ્ચિત છે પરંતુ વ્યકિત જીવનની અંદર કેવુ કામ કરે છે તેના ઉપર તેની સુવાસ રહેતી હોય છે. ''નામ રહંતા ઠાકરા, નાણાં નહી રહંત, કીર્તિ કેરા કોટડા પાડયા નહી પડંત''. એટલે માણસ જે કામ કરે છે તેની સુવાસ તે સદૈવ રહેતી હોય છે. માનનીય

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

ઉદેસિંહભાઇ જીવનભર સતત સક્રિય રહ્યા અને સક્રિયતાપૂર્વક તેઓ સમાજ જીવનનું કામ કરતા રહ્યા. હું સ્વર્ગસ્થશ્રી ઉદેસિંહભાઇ બારીયાને હૃદયથી આ વિધાનસભા ગૃહ વતી શ્રદ્ધાંજલિ પાઠવું છું. સદગતના અવસાનથી તેઓના કુટુંબીજનો ઉપર આવી પડેલ આફત સહન કરવાની પરમકૃપાળુ પરમાત્મા શકિત આપે એવી પ્રાર્થના કરું છું. સભાગૃહના તમામ સભ્યશ્રીઓ સદગતના આત્માને પ્રભુ શાશ્વત શાંતિ અર્પે તે માટે પોતાની જગ્યા ઉપર ઊભા થઇને બે મિનિટનું મૌન પાળીશું.

(ત્યારબાદ બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું)

અધ્યક્ષશ્રી : સભાગૃહની આ લાગણી સદગતના કુટુંબીજનોને મોકલી આપવામાં આવશે.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ –૧૧૬)

ગેસ,એલ.પી.જી.,પેટ્રોલ અને ડીઝલની તંગી નિવારવા અંગે

શ્રી મહેશ કસવાલા(સાવરકુંડલા) : માનનીય અધ્યક્ષશ્રી, હું નિયમ–૧૧૬ અન્વયે નીચે જણાવેલી તાકીદની જાહેર અગત્યની બાબત ઉપર માનનીય ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના મંત્રીશ્રીનું ધ્યાન દોરું છું અને તે અંગે તેમને નિવેદન કરવાની વિનંતી કરું છું.

''તાજેતરની વૈશ્વિક પરિસ્થિતિમાં ગેસ,એલ.પી.જી.,પેટ્રોલ તેમજ ડીઝલની તંગી નિવારવા અને લોકોને જરૂરિયાત મુજબ જથ્થો ઉપલબ્ધ થાય તે માટે લોકોની સુખાકારી માટે રાજય સરકારે લીધેલાં કે લેવા ધારેલાં પગલાં.''

શ્રી ઋષિકેશ ગ. પટેલ (ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ મંત્રીશ્રી) : ગુજરાત દેશના ગેસ આધારિત ઊર્જા ક્ષેત્રમાં મહત્ત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. રાજ્યમાં ગેસ આધારિત ઇન્ફ્રાસ્ટ્રક્ચર ખૂબ મજબૂત છે અને ભારતની કુલ રિગેસિફિકેશન ક્ષમતામાંથી આશરે 62% ક્ષમતા ગુજરાતમાં છે. ગુજરાત રાજ્યમાં કાર્યરત CGD કંપનીઓના અંદાજે 1,073 CNG સ્ટેશનો છે અને અંદાજે 37 લાખથી વધુ ઘરેલુ PNG ગ્રાહકો છે. જે દેશના કુલ PNG ગ્રાહકોના આશરે 23% છે. તમામ ગ્રાહકો માટે સતત અને વિશ્વસનીય ગેસ પુરવઠો જાળવવા માટે સંકલિત આયોજન કરવામાં આવી રહ્યું છે.

- રાજ્યમાં આવશ્યક સેવાઓ માટે ગેસ પુરવઠો જાળવી રાખવા માટે કેન્દ્ર સરકાર, રાજ્ય સરકાર અને ગેસ કંપનીઓ દ્વારા સંકલિત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.
- ભારત સરકાર દ્વારા 9 માર્ચ2026ના ગેઝેટ નોટીફીકેશનથી ઘરેલુ PNG અને વાહન માટેનો CNG જેવા મહત્ત્વપૂર્ણ ક્ષેત્રોને પ્રાથમિકતા–1 તરીકે વર્ગીકૃત કરવામાં આવ્યાં છે. આ ક્ષેત્રોને 100% ગેસ પુરવઠો મળી રહે તે સુનિશ્ચિત કરવામાં આવી રહ્યું છે,જેથી સામાન્ય નાગરિકોને કોઈ અસુવિધા ન થાય.
- વર્તમાન ભૂ–રાજકીય પરિસ્થિતિને કારણે LNG વેપારમાં સંભવિત વિક્ષેપની શક્યતા ઊભી થઈ છે. પરંતુ GSPC પાસે લાંબા ગાળાના LNG પુરવઠા કરાર છે. ઉપલબ્ધ LNG સ્ટોક ભારત સરકારના નોટીફીકિશન અનુસારના વર્તમાન વપરાશ મુજબ પૂરતો છે. ઉપરાંત, મધ્ય પૂર્વ સિવાયના દેશોમાંથી પણ વધારાના LNG કાર્ગોની ખરીદી માટે સતત પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. વર્તમાન પરિસ્થિતિમાં ઔદ્યોગિક ક્ષેત્ર માટે ગેસ પુરવઠામાં ભારત સરકારના નોટિફિકેશન અનુસાર મર્યાદિત કાપ લાગુ કરવામાં આવ્યો છે.જોકે આવનારા સમયમાં LNG ના નવા કાર્ગો થકી ઔદ્યોગિક ક્ષેત્રે ગેસ પુરવઠાની સ્થિતિ વધુ સુદૃઢ થશે.
- માન. મુખ્યમંત્રીશ્રી તથા માન. મંત્રીશ્રીઓ દ્વારા રાજ્યમાં પ્રાકૃતિક ગેસ પુરવઠા સંબંધિત વર્તમાન પરિસ્થિતિ અંગે ઉચ્ચસ્તરીય સમીક્ષા કરવામાં આવે છે તેમજ આ પરિસ્થિતિની દેખરેખ માટે મુખ્ય સચિવશ્રીના અધ્યક્ષપદ હેઠળ સમિતિ રચવામાં આવી છે.
- CGD કંપનીઓ દ્વારા ઘરેલુ PNG ના નવાગ્રાહકો માટે વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી રહી છે તેમજ નવા નોંધાયેલા ગ્રાહકોને ગુજરાત ગેસ લી. તથા સાબરમતી ગેસ લી. દ્વારા રૂપિયા 500 સુધીનું કેશબેક આપવામાં આવે છે.
- કોમર્શિયલ ગ્રાહકો જેવા કે હોસ્ટેલ, કેન્ટીન, હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ, વગેરેને તાત્કાલિક PNG કનેક્શન આપવા માટે તમામ જરૂરી પગલાઓ લેવામાં આવી રહ્યા છે. છેલ્લા દસ દિવસમાં વિવિધ CGD કંપનીઓ દ્વારા આશરે 12,000 થી વધારે નવાં કનેક્શનની નોંધણી કરવામાં આવી છે.
- ગુજરાત રાજ્યમાં આવેલ તમામ CNG સ્ટેશન પર હાલમાં અવિરતપણે પુરવઠો પૂરો પાડવામાં આવી રહ્યો છે અને અછતની કોઈ પરિસ્થિતિ નથી. સરકાર દ્વારા CGD કંપનીઓસાથે ગેસ પુરવઠાની નિયમિત સમીક્ષા કરવામાં આવે છે.

એલ.પી.જી .બાબત :

- કેન્દ્ર સરકારના પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા તા.05/03/2026ના હુકમથી સૂચનાઓ આપવામાં આવેલ છે .જેમાં મુખ્ય તમામ ઓઈલ રીફાઈનરીઓ દ્વારા ઉત્પાદિત થતો એલ.પી.જી .ગેસ માત્ર ત્રણ જાહેર ક્ષેત્રની ઓઈલ માર્કેટિંગ કંપનીઓ (I.O.C.L., B.P.C.L, H.P.C.L)ને જ પૂરો પાડવામાં આવે છે, જે અન્વયે તા.09/03/2026ના પત્રથી તમામ જિલ્લાઓને સૂચના આપવામાં આવેલ છે .
- ઉપરાંત, કેન્દ્ર સરકાર પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા તા.09/03/2026ના હુકમથી સૂચનાઓ આપવામાં આવેલ છે .જેમાં રાંધણગેસના પુરવઠા નિયંત્રણ આદેશ 2026દ્વારા કેન્દ્ર સરકારે પ્રાયોરિટી સેકટરો નિયત કરેલ છે તથા તે મુજબ જ

તમામ રાજ્યોમાં ગેસની આપૂર્તિ કરવા સૂચનાઓ પ્રસિદ્ધ કરેલ છે, જે અન્વયે તા.15/03/2026ના પત્રથી તમામ જિલ્લાઓને સૂચના આપવામાં આવેલ છે .

- કેન્દ્ર સરકારના હુકમોના અનુપાલન અર્થે અત્રેના તા.12/03/2026ના પત્રથી રાજ્યની તમામ જાહેરક્ષેત્રની તથા ખાનગી ક્ષેત્રની ગેસ એજન્સીઓનાં સ્થળે એક રેપન્યુ અને એક પોલીસ કર્મચારીની ટીમને પાત્ર ગ્રાહકોને સમયસર ઘરેલું એલપીજી મળી રહે તે હેતુસર સઘન મોનિટરિંગ માટે આવી 1029 ટીમો હાજર રાખવામાં આવેલ છે.
- તમામ પોલીસ કમિશનરશ્રીઓને એલ.પી.જી .વહન કરતાં વાહનોને મુક્ત હેરફેર થઈ શકે તે માટે સૂચના આપવામાં આવેલ છે, તમામ કલેક્ટરશ્રીઓને પણ રાજયમાં એલ.પી.જી.નું વિતરણ સૂચારૂરૂપે ચાલે તે માટે કાયદા અને વ્યવસ્થાની પરિસ્થિતિ સુચારૂરૂપે જળવાઈ રહે તે માટે સૂચના આપવામાં આવેલ છે .
- રાજ્યમાં એલ.પી.જી. પુરવઠાનું સતત અને સઘન મોનિટરિંગ કરવા માટે ઓઈલ માર્કેટિંગ કંપનીના અધિકારીઓ સાથે દૈનિક ધોરણે મીટિંગ અને જિલ્લા તંત્ર સાથે વિડિયો કોન્ફરન્સ યોજીને પૂરતી તકેદારી રાખવામાં આવી રહી છે.
- તા .05/03/2026 થી આજ દિન સુધી જિલ્લા કક્ષાએ તપાસ ટીમ દ્વારા કુલ –2945 તથા રાજ્ય કક્ષાની તપાસ ટીમ દ્વારા કુલ –17 તપાસો કરવામાં આવેલ છે.
- ગુજરાત સરકાર દ્વારા એલ.પી.જી.ની ફરિયાદ બાબતે હેલ્પ લાઈન નંબર 1800–233–0222, તા.13/03/2026 થી શરૂ કરવામાં આવેલ છે. જેમાં કુલ 7843 ફરિયાદોનું નિરાકરણ કરવામાં આવેલ છે.

પેટ્રોલ–ડીઝલ બાબત:

- રાજ્યમાં પેટ્રોલ–ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ છે .પરંતુ તેમ છતાં તા .23/03/2026ના પરિપત્રથી રાજ્યના દરેક પેટ્રોલ પંપ ઉપરથી પેટ્રોલ તથા ડીઝલનું વેચાણ માત્ર વાહનોની ટાંકીઓમાં ભરવા પૂરતું જ સિમિત કરવામાં આવેલ છે . તે સિવાયના કોઈપણ પાત્ર કે બેરલમાં પેટ્રોલ તથા ડીઝલનું વેચાણ કરી શકાશે નહીં .આ પરિપત્રમાં તા. 24.03.2026ના સુધારાથી કૃષિ ક્ષેત્ર માટે 200 લીટર તથા મોબાઈલ ટાવર માટે 1000 લીટરની બેરલમાં ડીઝલ ભરીને લઈ જવાની છૂટ આપવામાં આવી છે.
- જો કોઈ વિક્રેતા કૃત્રિમ અછત ઊભી કરવાનો પ્રયાસ કરશે અથવા સંગ્રહખોરી કરશે, તો તેમની સામે આવશ્યક ચીજવસ્તુ અધિનિયમ–1955ની જોગવાઈઓ અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે, તે બાબત પણ પરિપત્રિત કરવામાં આવેલ છે.
- હાલના સંજોગોમાં ખોટી અફવાઓ તેમજ ગભરાટ ફેલાવવાના કારણે સામાન્ય વેચાણ કરતા 4થી 5 ગણું વધારે વેચાણ થયેલ છે તેમ છતાં પણ પેટ્રોલ તથા ડીઝલનો પુરવઠો પૂરો પાડી શકાયો છે.
- જે પેટ્રોલ પંપ 24 X 7 ચાલે છે તેમાં પણ પુરવઠો આપવાનું ચાલુ છે. જે સાબિત કરે છે કે, રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલનો પુરવઠો પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ છે.
- રાજ્યના નાગરીકોમાં ગભરાટ ન ફેલાય અને તેઓ ઈંધણનો બીનજરૂરી સંગ્રહ ન કરે તે માટે સરકાર દ્વારા સત્તાવાર નિવેદનો અને સોશીયલ મીડિયાના માધ્યમથી લોકોને માહિતગાર કરવામાં આવી રહ્યા છે કે, રાજ્યમાં પૂરતો જથ્થો ઉપલબ્ધ છે.

શ્રી મહેશ કસવાલા : માનનીય અધ્યક્ષશ્રી, વૈશ્વિક પરિસ્થિતિને આધારે જે પ્રકારનું નિર્માણ થયું છે ત્યારે હું માનનીય મંત્રીશ્રી પાસેથી જાણવા માગું છું કે, નવા પી.એન.જી.જોડાણો માટે કયા કયા પ્રકારના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે?

ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, આપણા વિઝનરી વડાપ્રધાન અને જે તે સમયે આપણા મુખ્યમંત્રી હતા એ દરમિયાન સાબરમતી ગેસ અને ગુજરાત ગેસ દ્વારા પાઇપલાઇનથી ઘર સુધી ગેસ પહોંચે, ઇન્ડસ્ટ્રીઝ સુધી પહોંચે અને કોમર્શિયલ કનેકશન પણ મળે એના માટે ખૂબ મોટું નેટવર્ક ઊભું કરવામાં આવ્યું છે અને સમગ્ર ભારતમાં આ નેટવર્કમાં ગુજરાત સૌથી પ્રથમ છે. અત્યારે તાજેતરની જે પરિસ્થિતિ ઉદભવી છે એ ઉદભવેલી પરિસ્થિતિમાં ગુજરાત ગેસ અને સાબરમતી ગેસ માટે જે ઘરેલું કનેકશન છે એમના માટે એક નવી યોજના પી.એન.જી. વેલકમ બેનિફિટ ઓફર મૂકવામાં આવી છે અને એમાં જે ગ્રાહકો નોંધાયા છે એમને રૂ.૫૦૦નું કેશબેક આપીએ છીએ. આપણે નક્કી કર્યું છે કે જયાં આપણા કોમર્શિયલ કનેકશન હોય, જયાં ઘરેલું કનેકશન હોય અને આપણી ગેસ ગ્રીડ એટલે આનું જે નેટવર્ક છે એ નજીકમાં હોય તો એને પ્રોત્સાહિત કરી અને એ એલ.પી.જી.નું સિલિન્ડર જે હોય એ સરન્ડર કરાવી અને નજીકમાં જે લોકોને ગેસનું કનેકશન પાઇપલાઇન દ્વારા મળે છે એના માટેનો પ્રયત્ન અત્યારે આપણી બન્ને કંપની કરી રહી છે અને એમાં પણ સી.જી.ડી. એટલે કે સીટી ગેસ ડિસ્ટ્રિબ્યુશન કંપની દ્વારા છેલ્લા ૧૦ દિવસમાં બાર હજાર જેટલાં કનેકશનોની આપણે નોંધણી કરી છે અને એમાંથી સાડા સાત હજાર જેટલાં કનેકશનો આપણે આપી દીધાં છે. ગ્રાહકોને રૂબરૂ પણ મળીએ છીએ, મિટિંગ કરી અને પી.એન.જી. અપનાવવા માટે પ્રોત્સાહિત કરીએ છીએ. ઓઇલ માર્કેટિંગ કંપનીઓને સી.જી.ડી. કંપનીઓ કનેકશનની વિગતોની મેળવણી કરી જયાં પી.એન.જી. કનેકશન આપી શકાય છે ત્યાં સી.જી.ડી. કંપનીઓ દ્વારા ઉચ્ચ પ્રાથમિકતાના ધોરણે તાત્કાલિક ગ્રાહકોને પી.એન.જી. કનેકશન આપવામાં આવી રહ્યા છે. જુદી જુદી સોસાયટીઓમાં આપણે બેઠકો કરીએ છીએ અને પી.એન.જી.

કનેકશનની જાણકારી આપીએ છીએ. જાહેર પ્રચારના માધ્યમો જેવા કે વર્તમાનપત્રો, સોશિયલ મીડિયા, એફ.એમ. રેડિયો, પેમ્ફલેટ વિતરણ, ઓટોરિક્ષા દ્વારા જાહેરાત, બેનરો થકી પ્રચાર પ્રસારની કામગીરી કરવામાં આવી રહી છે. એટલું જ નહીં એક વખત આ કનેકશનની અરજી આવે એટલે જે કોન્ટ્રાકટરો હોય એમની સાથે પણ આ કનેકશનો ઝડપથી ગ્રાહકો સુધી પહોંચે એની ચિંતા પણ આપણે કરી રહ્યા છીએ. એના સિવાય પણ હોટેલ, કેન્ટીન, હોસ્પિટલ, શૈક્ષણિક સંસ્થાઓ વગેરેને પણ તાત્કાલિક પી.એન.જી. કનેકશન આપવા માટે આપણો પ્રયત્ન ચાલુ છે.

શ્રી ચૈતન્યભાઇ મ. દેસાઇ: માનનીય અધ્યક્ષશ્રી, રાજયમાં એલ.પી.જી. જેમાં ઘરેલું અને કોમર્શિયલ એ પ્રકારના ગેસ આવતો હોય છે એનો પૂરો જથ્થો ઉપલબ્ધ છે કે કેમ? પ્રજાને પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવા માટે સરકારે કરેલ કાર્યવાહીની વિગત આપશો?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઓ.એમ.સી. એટલે કે ઓઇલ માર્કેટિંગ કંપનીઓની સાથે આપણી વાતચીત ચાલુ છે, એમાં ઘરેલું એલ.પી.જી. માટે કોઇપણ પ્રકારની સમસ્યા નથી. આપણે પુરવઠા વિભાગ દ્વારા સુંદર વ્યવસ્થા ગોઠવી છે, જયાં આગળ આપણા જેટલા પણ ડિસ્ટ્રિબ્યુટર છે, ખાનગી હોય કે આપણી સરકારી કંપનીઓના હોય એ તમામ જગ્યાએ આપણે એક પોલીસનો માણસ અને સાથે રેવન્યુનો માણસ બેસાડીએ છીએ. શટર ખોલે અને શટર બંધ થાય ત્યાં સુધી સતત એનો ઉઘડતો સ્ટોક, નવો સ્ટોક અને આપણે જે નક્કી કર્યું છે તેમાં કેન્દ્ર સરકારે પણ એની ગાઇડલાઇન આપી છે કે શહેરી વિસ્તારમાં ૨૫ દિવસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૪૫ દિવસ એમ બંને ગેસ નોંધવા માટેની જે સમયમર્યાદા નક્કી કરી છે, એ નિયત મર્યાદા પછી એ અપાય છે કે નહીં પણ આપણે ચિંતા કરીએ છીએ. એમાં કોઇ પણ પ્રકારનો ઘરેલું કનેકશનમાં આપણે કોઇ કાપ મૂક્યો નથી અને દરેકના ઘરનો ચૂલો સળગતો રહે એની ચિંતા પ્રાથમિકતામાં આપણે કરી રહ્યા છીએ. રાજયમાં કોમર્શિયલ એલ.પી.જી. સિલિન્ડરના વિતરણ અને ફાળવણી માટે પણ વિગતવાર સૂચનાઓ પ્રસિદ્ધ કરી છે. જયાં પી.એન.જી. નેટવર્ક ઉપલબ્ધ ના હોય ત્યાં એલ.પી.જી. સિલિન્ડર જે આપવાની વ્યસ્તતા છે એમાં હોસ્પિટલને સો ટકા જે એસેન્સિયલ છે, એજ્યુકેશનલ ઇન્સ્ટિટ્યૂટને ૧૦૦ ટકા, ફાર્મસી ઇન્ડસ્ટ્રીને ૭૦ ટકા, ડેરી ઇન્ડસ્ટ્રીને ૭૦ ટકા, સીડ પ્રોસેસિંગ ઇન્ડસ્ટ્રીને ૭૦ ટકા, એરલાઇન, રેલવેની જે કેન્ટીન છે એને ૭૦ ટકા, ફિશરીઝ ઇન્ડસ્ટ્રીઝ એને ૨૫ ટકા, સેમી એસેન્સિયલમાં આપણે જે ગણીએ છીએ એમાં રેસ્ટોરન્ટ, ઢાબામાં ૨૫, હોટેલ ઇન્ડસ્ટ્રીમાં ૨૫ ટકા, કૉર્પોરેટ કેન્ટીનમાં ૨૫ ટકા, ઇન્ડસ્ટ્રિયલ કેન્ટીનમાં ૨૫ ટકા, કૉર્પોરેટ ગેસ્ટ હાઉસમાં ૨૫ ટકા, અને ફૂડ પ્રોસેસિંગમાં પણ એલ.પી.જી. ૨૫ ટકાની નિયત મર્યાદામાં આપવાનું નક્કી કર્યું છે. ખાનગી અને સરકારી હૉસ્પિટલ અને શૈક્ષણિક સંસ્થાઓને ૧૦૦ ટકા આપવામાં આવે છે પરંતુ રજિસ્ટર્ડ વૃદ્ધાશ્રમો, અનાથ આશ્રમ અને અંધજન મંડળ જેવી સંસ્થાઓ તેમજ ધાર્મિક અને સામાજિક સંસ્થાઓ ઓછામાં ઓછા એક વર્ષથી ભોજનની વ્યવસ્થામાં કાર્યરત હોય તે લોકોને નિયમિત ભોજન આપતી હોય તેના છેલ્લા છ માસનું એવરેજ કાઢીને તેને ૨૫ ટકાની મર્યાદામાં એલ.પી.જી.ની ફાળવણી કરવામાં આવે છે. દરેક જિલ્લામાં એમ.એસ.એમ.ઇ. સેક્ટર કે જે વ્યાપકપણે રોજગારી પ્રદાન કરતી હોય તેની ઓળખ કરી ૧૦ ટકાની મર્યાદામાં કૉમર્શિયલ એલ.પી.જી. પૂરો પાડવાની સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત કૉમર્શિયલ એલ.પી.જી. ફાળવી આપવાનો નિર્ણય જરૂરિયાત મુજબ ઓવરઓલ ૫૦ ટકાની મર્યાદામાં જિલ્લા પુરવઠા સમિતિ દ્વારા લેવામાં આવે છે.

શ્રી હર્ષદકુમાર ર. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, ઊભી થયેલી વૈશ્વિક પરિસ્થિતિના કારણે તાજેતરમાં ગેસ અને એલ.પી.જી.ની વાત કરી છે પરંતુ પેટ્રોલ, ડીઝલ માટે પણ એક પેનિક ઊભો થયો છે ત્યારે હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રી પાસે જાણવા માગું છું કે, સરકાર દ્વારા પ્રજાને પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો ઉપલબ્ધ કરાવવા માટે કરેલ કામગીરી અને કરવાની થતી કામગીરીની માહિતી આપવા માનનીય મંત્રીશ્રી કૃપા કરે. ધન્યવાદ.

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, રાજ્યમાં પેટ્રોલ અને ડીઝલનો પૂરતો જથ્થો છે. માત્ર પેનિક અને અફવાઓના કારણે અને ક્યાંક જાણી જોઇને કરવામાં આવેલું કૃત્ય જણાય છે. સમગ્ર રાજ્યમાં ક્યાંય પેટ્રોલ-ડીઝલની તકલીફ નથી. તેના માટે સરકાર દ્વારા પૂરતા પગલાં લેવામાં આવ્યા છે. જિલ્લા અને રાજ્ય સ્તરે સતત મોનિટરીંગ કરીને તમામ રાજ્ય અને ખાનગી ક્ષેત્રની ઓઇલ માર્કેટિંગ કંપનીઓ સાથે સંકલનમાં રહી પેટ્રોલ પંપ ઉપર સતત જથ્થો પહોંચતો રહે તેની ચિંતા કરવામાં આવે છે. તા.૨૩/૦૩/૨૦૨૬ના પરિપત્રથી રાજ્યના દરેક પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ તથા ડીઝલનું વેચાણ માત્ર વાહનની ટાંકીઓમાં જ આપવામાં આવે છે. તે સિવાય કોઇને પણ કેનમાં લઇ જવું હોય તો આપવામાં આવતું નથી. માત્ર ખેડૂતો માટે ૨૦૦ લીટર અને મોબાઇલ ટાવર માટે એક હજાર લીટર ડીઝલ લઇ જવાની છૂટ આપવામાં આવી છે.

માનનીય અધ્યક્ષશ્રી, વિક્રેતા કૃત્રિમ અછત ઊભી કરવાનો પ્રયાસ કરે અથવા સંગ્રહખોરી કરશે તો તેમની સામે એસેન્શિયલ કૉમોડિટી એક્ટ, ૧૯૫૫ની જોગવાઇઓ અનુસાર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. તે બાબતે પણ પરિપત્ર કર્યો છે. ગઇકાલે રાજકોટમાં સ્ટોક ઉપલબ્ધ નથી, જથ્થો આવતો નથી તેવી અફવા ફેલાવનાર પેટ્રોલ પંપ ઉપર કાર્યવાહી કરી એફ.આઇ.આર. નોંધાવી છે. મારે એટલું કહેવું છે કે, આ જે લાઇનો લાગી તેના કારણે એક જ દિવસમાં ચાર ગણું પેટ્રોલ અને ડીઝલનું અવિરતપણે પેટ્રોલ પંપો દ્વારા વિતરણ કર્યું છે એ જ બતાવે છે કે આપણી પાસે બફર સ્ટોક પણ છે. માનો કે, કોઇ પેટ્રોલ પંપને ૨૫૦૦ લીટર પેટ્રોલ અને ૨૫૦૦ લીટર ડીઝલ વેચતો હોય તે એક જ દિવસમાં ૯થી ૧૦ હજાર પેટ્રોલ-ડીઝલનું

વિતરણ કર્યું છે. આ બતાવે છે કે રાજ્યમાં પેટ્રોલ કે ડીઝલની કોઈપણ પ્રકારની તંગી નથી. સાથે કેન્દ્ર સરકાર સાથે સતત સંકલન કરી આ પુરવઠાનું નિયમિત વિતરણ કરી શકાય તેની ચિંતા કરવામાં આવે છે.

શ્રી મુકેશકુમાર ડી. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને આ જે પરિસ્થિતિ ઉપલબ્ધ થઇ છે તે બાબતે પૂછવા માગું છું કે, આ એલ.પી.જી. વિતરણનો કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ જાળવી રાખવા માટે તંત્ર દ્વારા શું પગલાં ભરવામાં આવી રહ્યાં છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, એલ.પી.જી. વિતરણમાં કેન્દ્ર સરકાર પેટ્રોલિયમ મંત્રાલય દ્વારા તા.૦૯/૦૩/૨૦૨૬ના હુકમથી સૂચનાઓ આપવામાં આવેલ છે. જેમાં રાંધણગેસના પુરવઠા નિયંત્રણ આદેશ–૨૦૨૬ દ્વારા કેન્દ્ર સરકારે પ્રાયોરિટી સેક્ટરો નક્કી કરેલ છે અને તે મુજબ તમામ રાજ્યોમાં ગેસની આપૂર્તિ કરવાની સૂચનાઓ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૧૫/૦૩/૨૦૨૬ના પત્રથી આપણે તમામ જિલ્લાઓને સૂચિત કર્યા છે અને કેન્દ્ર સરકારના હુકમોના અનુપાલન અર્થે તા.૧૨/૦૩/૨૦૨૬ના પત્રથી રાજ્યની તમામ જાહેર ક્ષેત્રની તથા ખાનગી ક્ષેત્રની એજન્સીઓમાં એક જ સ્થળે રેવન્યુ અને પોલીસનો એક માણસ ત્યાં રહે છે અને સતત મોનિટરિંગ કરે છે. ૧૦૨૯ ટીમો બની છે. દરેક ગેસ ડિસ્ટ્રિબ્યુટર છે એના ત્યાં રેવન્યુ અને પોલીસનું ચેકિંગ સતત ચાલુ રહે છે. આ એલ.પી.જી. સિલિન્ડરના વાહનો મુક્ત રીતે હેરફેર કરે એના માટેની પણ સૂચનાઓ કલેક્ટરને આપવામાં આવેલ છે અને કલેક્ટરોએ પણ એ સૂચનાઓ નીચે પાસઓન કરી છે. ઓઇલ માર્કેટિંગ કંપનીના અધિકારીઓ સાથે દૈનિક ધોરણે મોનિટરિંગ કરીએ છીએ અને જિલ્લાતંત્ર સાથે વીડિયો કોન્ફરન્સિંગથી વાતચીત કરી તમામ જિલ્લાઓમાં કોઇ તકલીફ ન પડે એની ચિંતા કરીએ છીએ. ગુજરાત સરકાર દ્વારા એલ.પી.જી.ની ફરિયાદ બાબતે હેલ્પલાઇન નંબર પણ જાહેર કર્યો છે. આ હેલ્પલાઇન નં.૧૮૦૦૨૩૩૦૨૨૨ છે અને આ હેલ્પલાઇન નંબર તા.૧૩/૦૩/૨૦૨૬થી શરૂ કરવામાં આવ્યો છે. જેમાં ૭૮૪૩ ફરિયાદોનું નિવારણ પણ કર્યું છે.

શ્રી શૈલેષ મ. પરમાર : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય મંત્રીશ્રીએ ગૃહને જે માહિતી આપી એ માહિતીને આધિન માનનીય મંત્રીશ્રી જણાવે કે, સરકારશ્રીએ આ વિધાનસભા ગૃહમાં જાહેરાત કરી છે કે કોઇપણ જાતની તકલીફ નથી. રીયલ હકીકત છે કે આજેપણ ટુ વ્હીલર પેટ્રોલપંપ પર પેટ્રોલ ભરાવવા જાય છે તો રૂ.૩૦૦થી વધુનું પેટ્રોલ આપતા નથી. ફોર વ્હીલર જાય છે તો રૂ.૨ હજાર કે ૩ હજારથી વધુનું પેટ્રોલ આપતા નથી. આપ જે રીતે કહો છો કે ગુજરાત સરકાર પાસે પૂરતો જથ્થો ઉપલબ્ધ છે તો એલ.પી.જી. ગેસ માટે પણ ત્રીસ દિવસની મુદ્દત આપવામાં આવી છે અને બીજા સેક્ટરોમાં જણાવ્યું કે અમુક પર્સન્ટેજ જ ગેસનો પુરવઠો આપવામાં આવે છે. જો સરકાર પાસે પૂરતો પુરવઠો હોય તો પૂરતો પુરવઠો કેમ આપવામાં આવતો નથી?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, મેં પહેલાં કહ્યું કે આ વૈશ્વિક પરિસ્થિતિમાં જે રીતની પરિસ્થિતિ ઉદભવી છે. એમાં કાળાંબજાર ન થઇ જાય, સંગ્રહખોરી ન થઇ જાય એ માટે આ કામગીરી કરવામાં આવે છે. જેમ કહ્યું કે, શહેરી વિસ્તારમાં ૨૫ દિવસ અને ગ્રામ્ય વિસ્તારમાં ૪૫ દિવસ એટલે આ મૂળ વિષય સંગ્રહાખોરી નાબૂદ કરવાનો છે. આપણા મનમાં એવું નથી કે આને કોઇ સીલિંગ મૂકી દેવી. પરંતુ, જો કોઇ વ્યક્તિ ખુલ્લી મર્યાદાઓ હોય તો એક નોંધાવે, વળી ૧૫ દિવસે બીજો નોંધાવે એ પ્રકારની પેનિક ઊભી ન થાય અને ઘરનો ચૂલો ચાલું રહે એના માટે ચિંતા કરી છે અને જે પેટ્રોલપંપોની વાત કરી તેમાં કોઇ પણ ફરિયાદ આ રીતની લિમિટેડ પેટ્રોલ આપી રહ્યા છે અથવા તો કેશ જ માગી રહ્યા છે તો આપણે ફરિયાદ કરી શકાય અને મેં કહ્યું કે રાજકોટમાં અફવા ફેલાવવાવાળા પેટ્રોલપંપના માલિક સામે પણ ફરિયાદ નોંધાવી છે. એટલે રાજય અને કેન્દ્ર સરકારે પેટ્રોલ, ડીઝલ અને એલ.પી.જી.માં ક્યાંય મુશ્કેલી ના પડે એની ચિંતા કરી છે પરંતુ સાથે–સાથે ઉદભવેલી પરિસ્થિતિ વૈશ્વિક પરિસ્થિતિ છે. પાકિસ્તાન, બાંગ્લાદેશ અને અનેક દેશો કે જ્યાં ખૂબ મુશ્કેલીઓ થઇ છે. પેટ્રોલ, ડીઝલના ભાવ વધી ગયા છે. આપણે હજી સુધી કોઇ પણ પ્રકારનો ભાવવધારો નથી કર્યો. રાજ્ય સરકારે પ્રજાની ચિંતા કરી છે અને સતત એકધારું એક જ ભાવે પેટ્રોલ, ડીઝલ અને એલ.પી.જી. મળી રહે એની ચિંતા કરી રહ્યા છીએ.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીનું ધ્યાન દોરવા માગું છું કે, સુરત શહેરમાં ખૂબ મોટી સંખ્યામાં ટેકસટાઇલ ઉદ્યોગો આવેલા છે અને આ ટેક્સટાઇલ ઉદ્યોગોમાં મોટી સંખ્યામાં પરપ્રાંતીય કામદારો આ ઉદ્યોગો સાથે સંકળાયેલા છે અને કામ કરી રહ્યાં છે. આ બધા પાસે એલ.પી.જી. કનેક્શન નથી. આ લોકો કોમર્શિયલ ગેસ ઉપર જ પોતાનું જમવાનું બનાવતા હોય છે કે વ્યવસ્થા કરતા હોય છે. અત્યારે કોમર્શિયલ ગેસની તંગીના કારણે મોટાપાયામાં આ કામદારોની હિજરત શરૂ થઇ ગઇ છે. ઘણાબધા ટેક્સટાઇલ ઉદ્યોગોએ બે દિવસ, ત્રણ દિવસની રજા જાહેર કરી નાંખી છે. ઘણાબધા ઉદ્યોગકારોએ સામૂહિક રસોડા શરૂ કર્યા છે.

અધ્યક્ષશ્રી : માનનીય તુષારભાઇ, વર્ણન કરવા કરતા શું કરવું જોઇએ એ કહો અથવા તો પૂછવા જેવું હોય તો વાત કરો.

ડૉ. તુષાર અ. ચૌધરી : માનનીય અધ્યક્ષશ્રી, આવા લોકોની હિજરત અટકે અને ટેક્સટાઇલ ઉદ્યોગને ફટકો ના પડે તેમજ એ લોકોની રોજીરોટી બંધ ના થાય એના માટે આવા લોકોને કોમર્શિયલ ગેસનો પુરવઠો પૂરો પાડવામાં આવે એવી હું આપના માધ્યમથી માનનીય મંત્રીશ્રીને વિનંતી કરું છું.

તાકીદની જાહેર અગત્યની બાબત પર ધ્યાન દોરવા બાબત (નિયમ–૧૧૬)

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય તુષારભાઈએ જે વાત કરી છે એમાં અત્યારે આપણે પાઈપલાઈન દ્વારા ઈન્ડસ્ટ્રીઝને ગેસ આપીએ છીએ એની છ મહિનાની જરૂરિયાતને અનુલક્ષીને એનો ૮૦ ટકા જેટલો જથ્થો વિતરિત કરીએ છીએ. પેટ્રોલ–ડીઝલ ઉપર કંઈ નથી ફક્ત કોમર્શિયલ એલ.પી.જી. ઉપર જ રેશનિંગ છે. ટેક્સટાઈલ ઉદ્યોગોને આપણે પી.એન.જી. સાથે જોડી રહ્યા છીએ. એલ.પી.જી. ગેસવાળા ઉદ્યોગો હોય ત્યાં આપણો પી.એન.જી. આપી જોડવાનો પ્રયત્ન ચાલુ છે. પી.એન.જી. નેટવર્ક બહાર ૧૦ ટકાની મર્યાદામાં આપણે કોમર્શિયલ એલ.પી.જી. મંજૂર કરીએ છીએ.

શ્રી ગોપાલ ઇટાલિયા : માનનીય અધ્યક્ષશ્રી, જીઓ પોલિટિકલ પરિસ્થિતિના કારણે આખા દેશમાં જે સ્થિતિનું નિર્માણ થયું છે એમાં નાગરિકોમાં એક ગભરાટ ફેલાયો છે કે પેટ્રોલ–ડીઝલ અને પી.એન.જી.ની અછત છે. આ તો સરકાર નિર્મિત નથી એટલે હું એક દેશપ્રેમી નાગરિક તરીકે આ ઘટનામાં સરકાર જે કંઈ પ્રયત્નો કરે છે એને સમર્થન કરું છું. લોકોમાં ભય ના ફેલાય, લોકોમાં ઉશ્કેરાટ ના ફેલાય, સંગ્રહખોરી ના થાય અને આ પરિસ્થિતિનો કોઈ ગેરલાભ ના ઉઠાવે એના માટે સરકાર જે કંઈ પ્રયત્નો કરે છે એ સરાહનીય છે. મારો સરકારશ્રીને એક પ્રશ્ન છે કે મેં ટી.વી.માં જોયું. માનનીય મુખ્યમંત્રીશ્રીએ, માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રીએ, માનનીય કેબિનેટ મંત્રીશ્રીએ, સરકારના માનનીય પ્રવક્તાશ્રીએ, સિવિલ સપ્લાય વિભાગના માનનીય એડિશનલ ચીફ સેક્રેટરી સાહેબે આ બધાએ વારંવાર એવું કહ્યું કે આવશ્યક ચીજવસ્તુઓના જથ્થામાં કોઈ અછત નથી. પૂરતો જથ્થો છે એવું સતત કહ્યું પણ સરકારના નિવેદન ઉપર જનતાને વિશ્વાસ આવતો નથી. જનતાનો વિશ્વાસ વધે એના માટે સરકાર શું પ્રયત્નો કરવા માગે છે?

શ્રી ઋષિકેશ ગ. પટેલ : માનનીય અધ્યક્ષશ્રી, જનતાને વિશ્વાસમાં લેવા માટે આપણે સૌએ સાથે પ્રયત્ન કરવો પડશે. એસેન્સિયલ કોમોડિટી એક્ટ છે. કોઈ ખોટી રીતે અફવા ફેલાવે, સંગ્રહખોરી કરે, જુદી ભ્રામક વાતોથી પ્રચાર કરે એના માટે આપણે એક્ટ હેઠળ કાર્યવાહી કરીએ પરંતુ પ્રજાના પ્રતિનિધિ તરીકે શ્રી ગોપાલભાઈ ઇટાલીયાએ ખૂબ સારી વાત કરી છે. મારી આપ સૌને વિનંતી છે કે સરકાર વતી સોશિયલ મીડિયામાં એકાદ બાઈટ આપી દો કે કોઈ તકલીફ નથી. જથ્થો મળી રહ્યો છે. એક સામૂહિક પ્રયત્નોથી મોટું આંદોલન ઊભું થશે અને કોઈને ૫૦ રૂપિયાના પેટ્રોલની જરૂરિયાત હશે તો એ ૫૦૦ રૂપિયાનું ભરાવવા નહીં જાય. અત્યારે કેવળ કયાંકને કયાંક કોઈ એવા વ્યકિતઓ હોઈ શકે કે જેઓ અફવાના સ્વરૂપે આખા રાજ્યને ઉશ્કેરવાનો પ્રયત્ન કરતા હોય. જો જો હવે આવતા સમયમાં પેટ્રોલ–ડીઝલ નહીં મળે, ભરાઈ લો. એલ.પી.જી.ના બે–ત્રણ બાટલા ઘરે રાખી મૂકો. આ પ્રકારની વાતો થતી હોય ત્યારે કોંગ્રેસ અને શાસક પક્ષના એટલે કે ભારતીય જનતા પાર્ટી બંનેના ધારાસભ્યશ્રીઓ દ્વારા પોતપોતાના મતવિસ્તારમાં સોશિયલ મીડિયા દ્વારા અપીલ કરી દેવામાં આવે તો પ્રશ્ન છે જ નહીં.

શ્રી અમિત ચાવડા : માનનીય અધ્યક્ષશ્રી, માનનીય ગોપાલભાઈએ કહ્યું કે માનનીય મુખ્યમંત્રીશ્રી, નાયબ મુખ્યમંત્રીશ્રીએ કહ્યું છતાં લોકોને વિશ્વાસ નથી. એમને અમારી મદદ માગી છે. અમે સો ટકા મદદ કરીશું. આમાં ખોટું નથી. સરકાર લોકોનો વિશ્વાસ સંપાદન કરી શકી નથી. આપણે ગ્રાઉન્ડ રિયાલિટીને પણ સમજવી પડે. અહીંયા આપણે કહીએ છીએ કે સબ સલામત છે પણ ડો. તુષારભાઈએ કોમર્શિયલની વાત કરી છે. એમની ચિંતા ઇન્ડસ્ટ્રીઝની માટે એવી હતી કે અત્યારે કોમર્શિયલ ગેસ ઉપર પ્રતિબંધ છે અને રેશનિંગ લાવ્યા છીએ એના કારણે સરકારી છાત્રાલયો, આંગણવાડી, મધ્યાહ્ન ભોજન, પી.જી.માં રહેનારા લોકો તેમજ અનેક રેસ્ટોરન્ટો આ બધા આજે તકલીફમાં છે. એવા સંજોગોમાં પેટ્રોલ–ડીઝલની લાંબી લાઈનો થાય છે. એલ.પી.જી. માટે લોકોને તકલીફ પડે છે. માનનીય મંત્રીશ્રીએ કહ્યું કે પૂરતો જથ્થો છે તો આપણી પાસે કોમર્શિયલ, એલ.પી.જી. અને પેટ્રોલ–ડીઝલનો કેટલા દિવસનો બફર સ્ટોક ઉપલબ્ધ છે એની માહિતી આપો કારણ કે વૈશ્વિક પરિસ્થિતિ તો હજી ઘણી લાંબી ખેંચાય એવા સંજોગો છે.

શ્રી ઋષિકેશ ગ .પટેલ :માનનીય અધ્યક્ષશ્રી, બફર સ્ટોક એટલે વપરાય એટલે નવો આવે. મેં કહ્યું એમ સામાન્ય દાખલો જોઈએ તો એક જ દિવસમાં ચાર ગણું પેટ્રોલ ડીઝલનું વિતરણ કરી દીધું .વૈશ્વિક પરિસ્થિતિ ઊભી થઇ છે, કાલે શું પરિસ્થિતિ બદલાય એ ધ્યાને રાખીને લાંબામાં લાંબા સમય સુધી કોઇના ઘરનો ચૂલો ન ઓલવાય એની ચિંતા અને સાથે ઉદ્યોગો પણ ચાલુ રહે, રેશનિંગ એટલા માટે ચાલુ કર્યું છે કે એ લોકો વાપરતા હોય અને હમણાં તો અમે પી.એન.જી .અને સી.એન.જી .માટે સ્પોટ કાર્ગો ખરીદવાનું ચાલુ કર્યું છે. જે ભાવે મળે એ ભાવે લેવાની સરકારની તૈયારી છે .એ લઇ અને આ સપ્લાય ચાલુ રાખવા અમે તૈયાર છીએ. સરકારી છાત્રાલય અને જે યોજનાઓ ચાલે છે એમાં ૧૦૦ ટકા આપીએ છીએ. પણ આ ઉદ્ભવેલી પરિસ્થિતિ ક્યાં સુધી અને કેટલી ચાલશે એ કોઇને ખબર નથી. પરંતુ લાંબામાં લાંબો સમય આ ઉદ્ભવેલી પરિસ્થિતિની અંદર રાજ્યના નાગરિકો અને દેશના નાગરિકોને ચિંતા ન કરવી પડે એના માટેની ચિંતા શ્રી નરેન્દ્રભાઇ પણ કરે છે અને આદરણીયશ્રી ભૂપેન્દ્રભાઇ પણ કરે છે .

અધ્યક્ષશ્રી : વૈશ્વિક સમસ્યા છે એમાં ભારત દેશે પેટ્રોલ, ખાસ કરીને ઓઇલ અને ગેસ મોટાભાગે ઇમ્પોર્ટ કરીને આપણે લાવતા હોઇએ છીએ અને જ્યાંથી આવે છે ત્યાં જ યુદ્ધ ચાલી રહ્યું છે. એવા સમયમાં સ્વાભાવિક પૂરા વિશ્વની અંદર આ સમસ્યા છે. આપણે બધાએ આ એક જ્યારે વૈશ્વિક સમસ્યા ઊભી થઇ છે ત્યારે એકમત બનીને આ સમસ્યાનો સામનો કરવો પડશે અને લોક જાગૃતિ આવે તે માટે જ્યારે આફત હોય ત્યારે વધારે ડિમાન્ડ નહીં, ૨ લીટર જોઇતું હશે તો એમ કહેશે હું ૧૦ લીટર પુરાવું. આવું થશે તો ક્રાઇસિસ ઊભી થશે અને બધાને તકલીફ થશે. આજે આપણે કોઇ પોલિટિકલ ફાયદો–નુકસાન

જોઈશું તો મને લાગે છે કે લાંબા ગાળે રાજ્યને અને દેશને નુકસાન થશે. આપણે બધા એક મળીને આફતના સમયમાં સમગ્ર ગુજરાત એક થાય અને એક થઈને આપણે એકી અવાજે કહીએ ગમે તેવી સમસ્યા સામે આપણે લડી લઈશું.

સભાગૃહના મેજ ઉપર મૂકાયેલા કાગળો

ભારતના સી.એ.જી.ના ઓડિટ અહેવાલો

શ્રી કનુભાઇ મો .દેસાઇ(નાણા મંત્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું (૧)સન ૨૦૨૪–૨૫ના વર્ષ માટેના નાણાકીય હિસાબો ભાગ–૧ અને ભાગ–૨,) (૨)સન ૨૦૨૪–૨૫ના વર્ષ માટેના વિનિયોગ હિસાબો, (૩) માર્ચ–૨૦૨૩ના રોજ પૂરા થયેલા સમયગાળા માટેનો અહેવાલ–અનુપાલન ઓડિટ–મૂલ્કી, (સને ૨૦૨૫નો રિપોર્ટ નં. ૪), (૪)માર્ચ–૨૦૨૩ અંતિત અવધિ માટેનો અહેવાલ–અનુપાલન ઓડિટ–મૂલ્કી, (સને ૨૦૨૫નો રિપોર્ટ નં. ૫), (૫) માર્ચ–૨૦૨૪ના રોજ પૂરા થયેલા સમયગાળા માટેનો અહેવાલ–અનુપાલન ઓડિટ–મૂલ્કી, (સને ૨૦૨૬નો રિપોર્ટ નં. ૧), (૬)માર્ચ–૨૦૨૫ અંતિત રાજયની નાણાકીય પરિસ્થિતિ પરનો અહેવાલ, (સને ૨૦૨૬નો રિપોર્ટ નં. ૨) સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉ છું.

ભારતના સી.એ.જી.ના ઓડિટ અહેવાલો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૨૪–૨૫નો ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રી રમણભાઇ ભી .સોલંકી(અન્ન અને નાગરિક પુરવઠા મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું .

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સી.એ.જી.ની ટિપ્પણ તેમજ સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૧૯–૨૦નો ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

ડો. મનીષા રા. વકીલ(રાજ્યકક્ષાના મહિલા અને બાળ કલ્યાણ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત મહિલા આર્થિક વિકાસ નિગમ લિમિટેડનો સન ૨૦૧૯–૨૦નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ, નિગમની કામગીરી અંગેની સરકારની સમીક્ષા તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનાં કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું .

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સી.એ.જી.ની ટિપ્પણ, સમીક્ષા અને નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૨૪–૨૫નો જી–રાઈડ ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ (મોરબી) લિમિટેડનો વાર્ષિક અહેવાલ

ડો. જયરામભાઇ ચે. ગામીત(રાજ્યકક્ષાના ઉદ્યોગ મંત્રીશ્રી): માનનીય અધ્યક્ષશ્રી, હું જી–રાઈડ ગતિશક્તિ કાર્ગો ટર્મિનલ (મોરબી) લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું .

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સી.એ.જી.ની ટિપ્પણ તથા સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૨૪–૨૫નો ગુજરાત એજ્યુકેશન ટેકનોલોજીસ લિમિટેડનો વાર્ષિક અહેવાલ

શ્રીમતી રિવાબા ર. જાડેજા(રાજ્યકક્ષાના શિક્ષણ મંત્રીશ્રી) :માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત એજ્યુકેશન ટેકનોલોજીસ લિમિટેડનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, ભારતના કોમ્પ્ટ્રોલર અને ઓડિટર જનરલની ટિપ્પણ તેમજ કંપનીની કામગીરી અંગેની સરકારની સમીક્ષા

વાર્ષિક અહેવાલ, હિસાબો, ઓડિટ અહેવાલ, સી.એ.જી.ની ટિપ્પણ અને સમીક્ષા સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં.

સન ૨૦૨૪–૨૫નો ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો વાર્ષિક અહેવાલ

શ્રી ઋષિકેશ ગ. પટેલ (ઊર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગનો સન ૨૦૨૪–૨૫ વાર્ષિક અહેવાલ તથા વાર્ષિક હિસાબ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

વાર્ષિક અહેવાલ, હિસાબો સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૩–૨૪નો કામધેનુ યુનિવર્સિટીનો વાર્ષિક અહેવાલ

શ્રી રમેશભાઇ ભુ. કટારા (રાજ્યકક્ષાના પશુપાલન મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું કામધેનુ યુનિવર્સિટીનો સન ૨૦૨૩–૨૪ના વાર્ષિક અહેવાલ તેમજ આ અહેવાલને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેના કારણો દર્શાવતું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું

વાર્ષિક અહેવાલ તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સન ૨૦૨૪–૨૫નો ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો વાર્ષિક વહીવટી અહેવાલ

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા (ગૃહ વિભાગનો હવાલો ધરાવતા રા.ક.ના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત રાજ્ય માનવ અધિકાર આયોગનો સન ૨૦૨૪–૨૫નો વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું

વાર્ષિક વહીવટી અહેવાલ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યો

સન ૨૦૨૪નો ગુજરાત તકેદારી આયોગનો વાર્ષિક અહેવાલ

ગુજરાત આતંકવાદ અને સંગઠિત ગુના નિયંત્રણ (સુધારા) વિધેયક, ૨૦૨૬

શ્રી કૌશિકભાઇ કાં. વેકરિયા (ગૃહ વિભાગનો હવાલો ધરાવતા રા.ક.ના મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું ગુજરાત તકેદારી આયોગના સન ૨૦૨૪નો વાર્ષિક અહેવાલ તેમજ આયોગની ભલામણનો અસ્વીકાર કરવા અંગે વિભાગની સ્પષ્ટીકરણાત્મક નોંધ સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું

વાર્ષિક અહેવાલ તથા સ્પષ્ટીકરણાત્મક નોંધ સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવી

સન ૨૦૦૩ વીજળી અધિનિયમ અન્વયેનાં જાહેરનામા

શ્રી ઋષિકેશ ગ. પટેલ (ઉર્જા મંત્રીશ્રી) : માનનીય અધ્યક્ષશ્રી, હું સન ૨૦૦૩ના વીજળી અધિનિયમ અન્વયેના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગનાં

(૧) તા.૧૨/૦૮/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક:૦૭/૨૦૨૫
(૨) તા.૨૫/૦૯/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક:૦૮/૨૦૨૫
(૩) તા.૧૪/૧૦/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક:૦૯/૨૦૨૫
(૪) તા.૩/૧૨/૨૦૨૫નું જાહેરનામા ક્રમાંક:૧૦/૨૦૨૫

તેમજ ક્રમાંક (૧)પરના જાહેરનામાને સભાગૃહના મેજ ઉપર મૂકવામાં થયેલા વિલંબ અંગેનું નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવાની રજા લઉં છું.

જાહેરનામા તથા નિવેદન સભાગૃહના મેજ ઉપર મૂકવામાં આવ્યાં

સભાગૃહની બેઠકના વિરામના સમય અંગે

